સુવિચાર
ઠંડા પહોરે આગળ વધવું, જેથી તડકા વખતે હેરાન ન થવાય !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૪/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કેસર મોહીની શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ ચૈત્ર વદ-૪ વર્ષ : ૧૬ અંક : ૧૦૭

### ધારીનાં ઝર ગામનાં ખેડૂતે ૯ વિઘા જમીન ગીરવે મુકીને ૫૦ લાખ રૂપિયા લીધા હતા

# વ્યાજખોરીનો ભોગ બનેલ ખેડૂતને જમીન પરત મળી

**વ્યાજે નાણા આપનાર એક તબીબે બળજબરીથી ૯ વિઘા જમીન લખાવી લીધેલ**

**ખેડૂતે તેમની આપવિતી પોલીસ અધિક્ષક સમક્ષ રજૂ કરી મદદ માંગી**

**પોલીસ અધિક્ષકે તબીબનાં કબ્જામાં રહેલ જમીન મુળ માલિકને પરત કરાવી**

**ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોલીસની કામગીરીની પ્રશંસા કરી ખેડૂત સાથે મુલાકાત કરી**







અમરેલી, તા. ૧૬

ધારી તાલુકાના ઝર ગામે રહેતા અને ૧૮ વિઘા જમીન ધરાવતા એક ખેડૂતની એક વ્યાજખોરે પડાવી લીધેલ ૯ વીઘા જમીન અમરેલી જીલ્લા પોલીસ દ્વારા મુળ માલિકને પરત અપાવતા જિલ્લા પોલીસ વડાની કામગીરી રાજયના ગૃહમંત્રીએ બિરદાવી હતી.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ઝર ગામે રહેતા એક સામાન્ય ખેડૂત જયસુખભાઈ સોલંકી પાસે ૧૮ વીઘા જમીન હતી અને આ જમીન ઉપર કેરીના આંબાનો બગીચો બનાવી તેમાં કેરીનું ઉત્પાદન કરવામાં આવતું હતું. સને ૨૦૨૦ કોરોના કાળમાં ખેડૂતને ખેતીના કામ માટે પૈસાની જરૂરિયાત ઉભી થતાં તે ખેડૂતે એક ડોકટર પાસેથી અલગ અલગ સમયે રૂપિયા ૫૦ લાખ જેટલી રકમ ૩ ટકા વ્યાજના દરથી લીધી હતી.

પોતાના કપરા કાળમાં આ ખેડૂત વ્યાજના નાણાં નહી આપી શકતા વ્યાજખોર દ્વારા ખેડૂતની જમીન પચાવી પાડવા કારસો કરી ખેતીની જમીન અમારા નામે કરી દો તેમ કહીને આ વ્યાજખોર ડોકટરે બળજબરીપૂર્વક ખેડૂત પાસેથી કુલ ૧૮ વિઘા ખેતીની જમીનમાંથી ૯ વીઘા જમીનનો દસ્તાવેજ કરાવી લીધો.

બાદમાં આ બનાવ અંગે ખેડૂત દ્વારા જિલ્લા પોલીસ વડાને મળી આધાર પુરાવા સાથે રજુઆત કરતાં અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા તાત્કાલિક ધોરણે કાયદાકીય કાર્યવાહી કરી અને નવ વિઘા જમીન મુળ માલિકને પરત અપાવી હતી.

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ખેડૂતને જમીન પરત અપાવવાની સરાહનીય કામગીરી કરવામાં આવતાં રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા અમરેલી પોલીસની કામગીરીની નોંધ લઈ અને વ્યાજખોરીનો ભોગ બનનાર ખેડૂતને રૂબરૂ ગાંધીનગર બોલાવી ખેડૂત પાસેથી સઘળી હકીકત મેળવી અને અમરેલી પોલીસે કરેલ કામગીરી બદલ જિલ્લા પોલીસ વડા અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ હતા.

### સ્પર્ધાત્મક પરીક્ષામાં નાપાસ થતાં

## સાવરકુંડલાનાં આશાસ્પદ યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**યુવકનાં મોતથી પરિવારજનો શોકમય**

અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા ગામે આવેલ ખાદી કાર્યાલય પાછળ ડો. બાબાસાહેબ આંબેડકર નગરમાં રહેતા રાજેશભાઈ ગોરધનભાઈ રાઠોડ નામના ર૭ વર્ષિય યુવક પોતે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હોય અને તે સ્પર્ધાત્મક પરીક્ષામાં નાપાસ થયેલ હોય. જેથી તેમને મનમાં લાગી આવતા ગત તા. ૧૪ના રોજ ૯ વાગ્યે પોતે પોતાની મેળે ઘંઉમાં નાખવાની ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમિયાન મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પતિ, જેઠ, કાકાજી સસરા સહિતનો ત્રાસ

## સાવરકુંડલામાં રહેતી પરિણીતાએ સાસરીયાઓના ત્રાસથી ઝેર પી લીધુ

**પરિણીતાનું સારવાર દરમિયાન મોત નિપજયુ**

અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા ગામે આવેલ મણિનગરની બાજુમાં રહેતા નનાભાઈ પુનાભાઈ ચારોલીયા નામના ૪૫ વર્ષિય વેપારીની દીકરી વિલાસબેન સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે રહેતા આરોપી મેઘાભાઈ નનુભાઈ વાઘેલાના પત્નિ થતા હોય અને તેણી આરોપી પતિ વિલાસબેનના ચારીત્ર બાબતે ખોટી શંકાઓ કરી તેને અવાર-નવાર ઢીકાપાટુથી મારકુટ કરી શારિરીક તથા માનસિક દુઃખ ત્રાસ આપતો હોય. જયારે આરોપી ચોથાભાઈ ભામાભાઈ વાઘેલા તથા બહાદુરભાઈ ભામાભાઈ વાઘેલા વિલાસબેનના કાકાજી સસરા થતા હોય તથા આરોપી મનજીભાઈ નનુભાઈ વાઘેલા વિલાસબેનના જેઠ થતા હોય તે

અનુસંધાન પાના ૬ ઉપર

### જુગાર રમવા બાબતે લઈને

## લાઠીનાં કેરાળા ગામે બે પરિવારો વચ્ચે મારામારી થઈ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૬

લાઠી તાલુકાના કેરાળા ગામે રહેતા આકાશભાઈ અમકુભાઈ પંચાળા નામના ૨૦ વર્ષિય યુવક ગત તા. ૧૪ના રોજ સાંજના આશરે છએક વાગ્યે કેરાળા ગામમાં આવેલ એક દુકાને સાબુ-શેમ્પુ લેવા ગયેલ હતા. ત્યારે રસ્તામાં તે જ ગામે રહેતા આરોપી પ્રવિણભાઈ ગોબરભાઈ પંચાળા યુવક પાસે આવીને કહેલ કે, 'તુ મારા દિકરા પ્રદિપ તથા ગોપાલને જુગાર રમવા શું કામ લઈ જા છો ?' તેમ કહી યુવકને ગાળો દેવા લાગેલ. જેથી યુવકે ગાળો આપવાની ના પાડતા આરોપીએ યુવકને લાકડીનો એક ઘા માથાના ભાગે મારી દેતા માથાના ભાગે ગંભીર ઈજા કરેલ. તેથી સંગીતાબેન રમેશભાઈ છોડાવવા વચ્ચે પડતા તેમને પણ ઝપાઝપીમાં તેને હાથના ભાગે વાગી જતા ઈજા થયેલ હોય તેમજ આરોપી પ્રદિપભાઈ પ્રવિણભાઈ પંચાળા, ભુપતભાઈ ગોબરભાઈ પંચાળા, ગોબરભાઈ ટપુભાઈ પંચાળા તથા રમેશભાઈ ગોબરભઈ પંચાળાએ યુવક તથા તેમના ઘરના સભ્યોને ગાળો આપી ઢીકા પાટુનો મુંઢ માર મારી ઈજાઓ કર્યાની પોલીસમાં ફરિયાદ

અનુસંધાન પાના ૬ ઉપર

### આકાશમાંથી ગરમી વચ્ચે જમીન પરની ઈન્ડસ્ટ્રીઝમાં લાગી આગ

## બાબરાની ઓઈલ ઈન્સ્ડસ્ટ્રીઝમાં આગથી હજારો રૂપિયાનું નુકસાન : આગ કાબુમાં આવી

**ઈન્ડસ્ટ્રીઝમાં રહેલ બારદાન બળીને ખાખ થઈ ગયા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૬

બાબરામાં રહેતા વિનયભાઈ પાટીદારની વાસાવડ રોડ પર મારૂતિ નંદન નામની ઓઈલ મિલ આવેલ છે. જેમાં બપોરના સમયે અચાનક આગ લાગી જતા ભારે દોઢધામ મચી હતી. અહી ઈલેકકિટ્રક શોટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું ઓઈલ મીલના માલિક દ્વારા જણાવ્યું હતું

અનુસંધાન પાના ૬ ઉપર

### કોંગી નેતા રાહુલ ગાંધીની ગુડબુકમાં સામેલ

## અમરેલીનાં પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીને મહત્વની જવાબદારી ?

**આગામી દિવસોમાં થશે જાહેરાત**

અમરેલી, તા. ૧૬

અમરેલીના પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીનું નામ કોંગી નેતા રાહુલ ગાંધીની ગુડબુકમાં હોવાથી તેઓને ગુજરાત કોંગ્રેસની મહત્વની જવાબદારી સોંપાઈ રહયાનું જાણવા મળેલ છે.

અમરેલીનાં ૩-૩ કદાવાર નેતાઓને પરાજિત કરનાર અને અમીર થી લઈને ગરીબ સુધી તમામ મતદારોનાં લાડકવાયા કોંગી નેતા આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં કોંગ્રેસનું સંગઠન



મજબુત કરવાનાં કાર્યમાં જોડાશે તે નકકી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
84,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૬/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

## નાગરિકો સવારથી સાંજ સુધી કમાણી કરીને સરકારી તિજોરી ભરતા હોવા છતાં

# ભ્રષ્ટાચાર ઉજાગર કરવાની જવાબદારી માત્ર નાગરિકોની છે ?

**એસીબી, વિજીલન્સ સહિતનાં સરકારી વિભાગો કોઈ ફરિયાદ આવે તેની જ રાહ જોઈ શકે ખરા**

**નાગરિકો જીવ જોખમમાં મુકીને પણ જયાં ત્યાં ચાલતા ભ્રષ્ટાચારને ખુલ્લો કરવા મજબુર બની રહ્યા છે**

**ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓને માત્ર વાતાનુકુલિન કચેરીમાં બેસીને જ સબ સલામતનાં ગાણા ગાવાનાં**

**નાગરિકોનાં પરસેવાનાં એક-એક પૈસાનો સદ્‌ઉપયોગ થાય તે જોવાની જવાબદારી જે-તે વિભાગની જ હોય છે**

સાવરકુંડલા, તા. ૧૬

શું વિકાસના દરેક કામોનું મોનિટરિંગ જાગૃત અને પ્રામાણિક નાગરિકોએ જ કરવું પડશે.?? એ સંદર્ભે ગંભીરરીતે મનોમંથન કરવાનો સમય શું હવે આવી ગયો છે..?

સાવરકુંડલાના સુજ્ઞ સજ્જનોના હૃદયને હચમચાવી નાખતો વિડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો. આ વિડિયોમાં એક જાગૃત નાગરિક મામલતદાર કચેરી ખાતે સી.સી. બાંધકામ સમયે થતો ભ્રષ્ટાચાર વિડિયોના પ્રૂફ સાથે ખુદ મામલતદાર સમક્ષ રજૂ કરતો અને આવું ન ચાલે એવો આક્રોશ વ્યકત કરતો જોવા મળે છે. અને સાથે સાથે એ લોકો સમક્ષ યક્ષપ્રશ્ન મૂકતો જણાય છે કે આ રેતી કે જે ત્યાં બાંધકામમાં વપરાય છે એ રેતી આવી કયાંથી? અને એ પણ ધૂળ મિશ્રિત. હવે વિચારો કે આપણે ઘરે, દુકાને કે ફેકટરીએ બાંધકામ સમયે આવા મટિરયલનો ઉપયોગ કરશું ખરાં ? જો નહિ તો આ તો સમગ્ર જનતા પાસેથી ટેકસ સ્વરૂપે એકત્રિત કરેલ રકમમાંથી થતાં વિકાસના કામોમાં આ રીતે ઉપયોગ થઈ શકે ખરો ?? જવાબ સિધો સટ જ હોય કે નહીં ભાઈ આ તો પંચનો માલ કહેવાય અને પંચ ત્યાં પરમેર એ સૂત્ર તો ભારતીય સંસ્કૃતિમાં વણાયેલું છે. ખાસ ધ્યાન ખેંચે એવી બાબત આ વિડીયોમાં એ જણાતી હતી કે આ સંપૂર્ણ ઘટનાક્રમમાં એ જાગૃત નાગરિક મામલતદારને એ ધૂળ મિશ્રિત કાળી રેતી અધિકારીના હાથમાં મૂકીને બતાવે છે અને વિડિયોમાં અધિકારી કશું મનન કરતાં હોય તેમ અન્ય વ્યકિતને એ બતાવે તો છે. આમ પ્રૂફ સાથે જયારે એ જાગૃત નાગરિક મામલતદાર સમેત ઉપસ્થિત તમામને આ પ્રત્યક્ષ પ્રમાણ સાથે આ નબળી ગુણવત્તાવાળું સંમિશ્રણ પણ ગ્રાઉન્ડમાંથી ખોદીને બતાવે છે અને આવી રેતી અહીં આવી કયાંથી ? એવો ધારદાર સવાલ કરે છે. ત્યારે વિડિયોમાં તો ઉપસ્થિત તમામ મૌન ધારણ કરેલા જોવા મળે છે. જે મહાભારતના એક પ્રસંગની યાદ અપાવતો જોવા મળેછે. હશે અને થશે નહીં. અને વળી હા આવી ઘટના એ પણ રાજય સરકારના અધિકારીઓની કચેરીમાં બનતી હોય તેનાથી વિશેષ કરૂણતા શી હોય શકે? અને ખાસ બાબત એ પણ કે બાંધકામ કરનાર કોન્ટ્રાકટર દ્વારા આવી કચેરીના કામમાં પણ નબળી ગુણવત્તાવાળું કામ થાય એટલી હિંમત આવી કયાંથી? એની પણ લોકો માંહે માંહે ચર્ચા કરતાં જોવા મળ્યા.. કે પછી કોઈના છૂપા આશીર્વાદ તો નથી'ને ? આ જનતા છે અને આવી બાબતોની ચર્ચા પણ પોતાનો મહત્વનો સમય બગાડીને કરતાં હોય છે. જો કે લોકોમાં પ્રશ્ન એ પણ ચર્ચાઈ રહ્યો હતો કે આ ઉજાગર થયું એટલે પાશેરામાં પૂણી.. આવા વણ ઉજાગર થયેલ ભ્રષ્ટાચારો કેટલા..? શું સરકારે હવે ભ્રષ્ટાચાર નિરમૂલન માટે હજુ વધુ કડક કાયદા કરવા પડશે? અને આવી કામગીરી થતી હોય ત્યારે કોની જવાબદારી ફિકસ કરવી ? એ પ્રાવધાનનો પણ સમાવેશ કરવો પડશે.? પરંતુ આવા કામો થતાં હોય તો તાત્કાલિક યુધ્ધના ધોરણે એને અટકાવી દેવાના અધિકારો કોની પાસે હશે?? એ સવાલનો જવાબ જ આવી હરકતોને ચલાવી કે અટકાવી શકે છે..જો કે કામ અટકી પણ જાય અને ફરી ગુણવત્તાવાળું પણ થાય. પરંતુ એ પણ એ જાગૃત નાગરિકને કારણે.. બાકી તો બધું આમ જ ચાલતને?? શું હવે લોકોના પરસેવાનાં ટેકસના પૈસે થતાં વિકાસ કામોમાં આવી લાલિયાવાડી કેમ ચલાવી લેવાય ? શું દરેક વિકાસના કામોનું મોનિટરિંગ જાગૃત નાગરિકોએ જ કરવું પડશે ?? સાવરકુંડલા શહેરમાં આવા ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરતાં વિડિયોએ ભારે ચકચાર જગાવી છે.

## સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટની ગાઈડલાઈન મુજબ જેલ, હોસ્પિટલ, શાળા, કોલેજ, બસ સ્ટેન્ડ પોલીસ સ્ટેશન સહિતનાં જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવો

**સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારની રજુઆત**

અમરેલી, તા. ૧૬

સામાજિક કાર્યકતા શાંતિલાલ પરમારે જાહેર નિવેદનથી રાજય સરકાર સમક્ષ જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવાની માંગ કરેલ છે.

તેઓએ નિવેદનમાં જણાવેલ છે કે, ભારત દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટ અને રાજયની હાઈકોર્ટ દ્વારા જુદાજુદા સમયે આપવામાં આવેલ ગાઈડલાઈન્સ અને ચુકાદાઓમાં સ્પષ્ટ રીતે દેશના દરેક રાજયોમાં આવેલ જાહેર સ્થળો અને કસ્ટડીમાં રાખવામાં આવતા લોકોની સુરક્ષાને ધ્યાને લઈ દરેક જગ્યાએ સિસિટીવી કેમેરા લગાવવા નિર્દેશ કરવામાં આવેલ છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ નિર્દેશનું પાલન ન કરવું એટલે કોર્ટના હુકમનો અનાદર કરવા અને લોકોના માનવ અધિકારીઓનું હનન કરવા બરાબર છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાત રાજયમાં જુદાજુદા જિલ્લાઓમાં કસ્ટોડિયલ ડેથમાં બનાવો સમયાંતરે બહાર આવે છે. જેમાં જેલમાં જયુડિશીયલ કસ્ટડીમાં અને પોલીસ સ્ટેશનના લોકઅપમા પોલીસ કસ્ટડીમાં ઘણા નાગરિકોના મોત થયાના બનાવો બનતા રહે છે અને બાદમાં તે ઘટનાના ગુના પણ નોંધવામાં આવે છે. ગુજરાતમાં કસ્ટોડિયલ ડેથના સૌથી વધુ કેસો દેશમાં નોંધાય છે અને કસ્ટોડિયલ ડેથમા ગુજરાત નંબર વન છે. તેવા સંજોગોમાં નાગરિકોના જીવનની રક્ષા કરવાની જવાબદારી રાજયની વધી જાય છે અને નાગરિકોના બંધારણીય અને માનવ અધિકારોના ભંગની સામે તાત્કાલિક કાર્યવાહી કરવી જરૂરી બને છે અને આવી ઘટનાઓ ન બને તે માટે અગમચેતીના પગલા ભરવા જરૂરી છે.

કસ્ટોડિયલ ડેથ જેવી ઘટનાઓ ઘટે કે તરત જ ભોગ બનનારના પરિવારના સદસ્ય તેમજ સમાજના લોકો અને આગેવાનો દ્વારા સબંધિત કચેરીઓમાં વારંવાર હોબાળો થતો જોવા મળે છે, જે અંગેના સમાચાર આપણે મીડિયામાં જોઈએ છીએ. કસ્ટોડીયલ ડેથની ઘટનાઓમાં આવી બાબતો મીડિયામાં આવે અથવા તો સમાજ દ્વારા લડત કે આંદોલન કરવામાં આવે કે પછી બંધારણીય સંસ્થાઓ દ્વારા કાન આંબળવામાં આવે ત્યારેજ આ બાબતે કાર્યવાહી થાય છે.

મોટાભાગના કેસોમાં આરોપીઓ સામે ત્વરિત કાનૂની કાર્યવાહી ન થવાને લીધે આરોપીઓ કાનૂની છટકબારીનો લાભ લઈ હાઈકોર્ટમાં જઈ કવોશિંગ પિટિશન કરવામાં આવતા જ હાઈકોર્ટમાંથી સ્ટે મળે અથવા તો તપાસ પર રોક લાગી જાય છે. જેથી આવા બનાવો રોકવા, આવા બનાવોમાં પૂરતા પુરાવા મેળવવા માટે અને સાચા આરોપીને સજા કરાવવા માટે દરેક જેલો, પોલીસ સ્ટેશનમાં, પોલીસ લોક અપ, નિશાળ, સ્કુલ, કોલેજ, હોસ્પિટલ, બસ સ્ટેન્ડમાં આધુનિક ટેકનોલોજીથી સજ્જ ત્રીજી આંખ એવા સીસીટીવી કેમેરા હોવા ખૂબ જ જરૂરી છે.

નાગરિકોની સુરક્ષા માટે રાજય સરકાર દ્વારા આ મુદ્દે ત્વરિત કાર્યવાહી કરવી ખૂબ જ જરૂરી છે. હાલમાં મોટા ભાગના પોલીસ સ્ટેશનમાં અને જેલોમાં સીસીટીવી નથી છે જયાં છે ત્યાં બંધ હાલતમાં જોવા મળે છે. અમુક જગ્યાએ ચાલુ છે તો અમુક જગ્યાએ બંધ હાલતમાં જોવા મળે છે.

ભારતની સુપ્રીમકોર્ટ અને રાજયની હાઈકોર્ટની ગાઈડલાઈન અને ચુકાદા મુજબનું અમલીકરણ કરવા અને રાજયમાં તેનું અમલીકરણ કરીરાજયની તમામ જેલો, પોલીસ સ્ટેશન અને લોકઅપ રૂમ, સ્કુલ, કોલેજ, હોસ્પિટલ, પંચાયતો, બસ સ્ટેન્ડ સહિતના જાહેર સ્થળોએ સિસિટીવી કેમેરા લગાવવા જરૂરી છે.

આ બાબતે રાજય સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન અને ચુકાદા બાદ દરેક જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવવા માટે રાજય સરકારે લીધેલ પગલાંની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### મેઘવાળ સમાજ દ્વારા

## ચલાલામાં ડો. બાબાસાહેબની જન્મજયંતીની ઉજવણી કરાઈ

**શોભાયાત્રા, પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો**





ચલાલા, તા. ૧૬


ચલાલામા સમસ્ત મેઘવાળ સમાજ દ્વારા ભારત રત્ન, બંધારણના ઘડવૈયા અને મહામુનીમ એવા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪ ની જન્મજંયતી નીમીતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામા આવ્યુ હતું.

સાટોડીપરામા આવેલ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ફુલહાર અને જયઘોષ કરાવી શોભાયાત્રા નુ પ્રસ્થાન કરાવ્યુ હતુ. આ તકે રાજય સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, નગરપાલીકા પ્રમુખ સહિતના રાજકીય સામાજીક આગેવાનો વેપારી આગેવાનો ઉપસ્થિત રહી ડો. બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર કરી આંનદની લાગણી વ્યકત કરી હતી. ડી.જે સાઉન્ડના તાલે અને ગગનભેદી જયઘોષ સાથે મોટી સંખ્યામાં ભાઈઓ બહેનો અને યુવાનો આ શોભાયાત્રામાં જોડાયા હતા.

આ શોભાયાત્રા શહેર અને મીઠાપુર(ડુંગરી)ના જુદા જુદા વિસ્તારોમા ફરી બસ સ્ટેન્ડ ચોકમા ડો. બાબાસાહેબ આંબેડકર ચોકમા આવી હતી. ત્યા પણ મોટી સંખ્યામા રાજકીય સામાજીક અગ્રણીઓ અને દલીત સમાજના ભાઈઓ બહેનો અને યુવાનો ઉપસ્થિત રહી ડો.બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર કરી પુષ્પાંજલિ અર્પી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના પી.આઈ. વસૈયાએ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી રેલીનું સમાપન કર્યુ હતુ.

## અમરેલીના વતની પ્રતાપભાઈ મોદીનું મરણોત્તર સન્માન





અમરેલી, તા. ૧૬

અમરેલીના વતની, કપોળ આગેવાન પ્રતાપરાય વ્રજલાલ મોદીનું માર્કેટ સિલ્ક મરચંટ એસોસિએશન દ્વારા મરણોતર સન્માન કરવામાં આવેલ છે. આ સન્માન પ્રતાપભાઈના પુત્ર પ્રફુલભાઈ મોદીએ સમગ્ર પરિવાર વતી સ્વીકારેલ છે.

પ્રતાપભાઈ મોદીમૂળ અમરેલીના વતની હતા. વ્યવસાય અર્થે મુંબઈ સ્થાયી થયેલ અને ત્યાં મૂળજી જેઠા માર્કેટમાં પોતાનો વ્યવસાય સ્થાપિત કરેલ હતો. સમગ્ર જીવન દરમ્યાન તેઓએ સિલ્ક મરચંટ એસોસિએશનની મૂલ્યવાન સેવા કરેલ અને આ એસોસિએશનને મજબૂત બનાવેલ.

પ્રતાપભાઈ મોદી એક અગ્રણી સમાજ સેવક હતા. અમરેલી કપોળ બોર્ડિંગના તેઓ પ્રમુખ હતા. અને કપોળ સમાજના વિકાસ માટે તેઓએ ખૂબ કામ કરેલ. તેઓ રૂપાયતન ટ્રસ્ટના પણ ટ્રસ્ટી હતા. રૂપાયતન ટ્રસ્ટને તેમના દ્વારા માતબર રકમના દાન મળેલા.

પ્રતાપભાઈના મરણોત્તર સન્માનથી તેમનો પરિવાર, સ્વજનો અને શુભેચ્છકો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. રૂપાયતન ટ્રસ્ટ પરિવાર પણ તેમાં સહભાગી બને છે.

## પૂર્વ પ્રમુખનાં કથિત ભ્રષ્ટાચારની તપાસને લઈને અંતે સાવરકુંડલા પાલીકાનાં ચીફ ઓફિસર એ.પી. બોરડને ફરજ મોકુફ કરી દેવાયા

**ભાજપ અગ્રણીએ પાલિકા કમિશનરનાં નિર્ણયને આવકાર્યો**

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા નગરપાલિકા ના માર્ચ ૨૦૨૧થી સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીના શાસનકાળના તત્કાલીન પ્રમુખના કથિત ભ્રષ્ટાચાર અને કૈભાંડોમાં મહત્વની ભુમિકા ભજવનાર ચીફ ઓફિસર એચ.પી.બોરડને તાત્કાલિક અસરથી પ્રાદેશિક કમિશ્નર ભાવનગર દ્વારા ફરજ મોકૂફ કરી. પારદર્શક વહીવટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. સાવરકુંડલા નગરપાલિકાના તત્કાલીન પ્રમુખના ભ્રષ્ટાચાર અને કૈભાંડો અંગે સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે પ્રાદેશિક કમિશ્નરને આધાર પુરાવા સાથે રજૂઆત કરેલ હતી. જે અનુસંધાને હાલમાં આ પૂર્વ પ્રમુખના ભ્રષ્ટાચાર અને કૌભાંડોનું સમગ્ર પ્રકરણ હાઈકોર્ટમાં પણ ચાલી રહ્યું હોય. જે બાબતે હાઈકોર્ટ દ્વારા સંબંધિત વિભાગને નોટિસ પણ પાઠવવામાં આવેલ છે. જે બાબતે સંપૂર્ણ કેસમાં પારદર્શકતા લાવવા માટે પ્રાદેશિક કમિશનર સાવરકુંડલા નગરપાલિકાના ચીફ ઓફિસર એચ.પી. બોરડને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરેલ છે. જેને સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા આવકારેલ છે. અને પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ભાવનગરને અભિનંદન પાઠવેલ છે.

# લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા ભૂરખિયા ખાતે નેત્રયજ્ઞ યોજાયો









લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા હનુમાનજી ટ્રસ્ટ તથા ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૬૫મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ભુરખિયા હનુમાનજી મંદિર મુકામે તા. ૧૬/૪/૨૫ને બુધજારે આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન કેમ્પ અને નેત્રમણી આરોપણ કેમ્પનું દીપપ્રાગટય ભૂરખીયા હનુમાનજી ટ્રસ્ટના ગોપાલભાઈ તેમજ સભ્ય દ્વારા કરવામાં આવેલ અને તેઓએ વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ અને કેમ્પની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવેલ હતી. આ કેમ્પમાં આંખના રોગ જેવા કે મોતિયો, ઝામર, વેલ, પરવાળા તથા આંખની કીકી, પડદા તથા આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાંત ડોકટર દ્વારા કરવામાં આવેલ હતી. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા. તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૫૬ દર્દીઓએ લાભ લીધો હતો અને ૪૪ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. જરૂરિયાતમંદ વ્યકિતઓના આંખના નંબર ચેક કરી ૨૬ વ્યકિતઓને ચશ્મા વિતરણ પણ કરવામાં આવેલ હતું. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), તેમજ સુદર્શન નેત્રાલયના સહયોગથી નિયમિત રીતે દર મહિનાના ત્રીજા બુધવારે ભૂરખિયા હનુમાનજી મંદિરમાં નેત્રમણી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન થાય છે.

## ધારાસભ્ય મહેશ કસવાલાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને મુશ્કેલી જણાવી

# અમરેલી જિલ્લામાં રેતીનાં અભાવે વિકાસકાર્યો ઠપ્પ !

### જિલ્લામાં કરોડો રૂપિયાના ખર્ચે ચાલતા વિકાસ કાર્યો અટકી ગયા


### બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલ શ્રમિકો રોજગાર વિહોણા બની ગયા

### ગુણવત્તાયુક્ત રેતી મળતી ન હોવાથી હલ્કી ગુણવત્તાની રેતીનો ઉપયોગ થતો હોવાની ફરિયાદ ઉભી થઈ

### જિલ્લાનાં વિકાસ કાર્યોને વેગવંતા કરવા રેતી માટેની લીઝની ફાળવણી કરવા માંગ કરી

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં એક દાયકા કરતાં વધારે સમયથી શેત્રુંજી નદીનાં પટ્ટમાંથી રેતી ઉપાડવા ઉપર પ્રતિબંધ હોવાથી વિકાસ કાર્યોમાં વ્યાપક પ્રમાણમાં અડચણ આવી રહી છે અને શ્રમિકો બેરોજગાર બની ગયા હોય આ અંગે સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને રેતી માટે લીઝની ફાળવણી કરવાની માંગ કરેલ છે.





પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના વિવિધ વિભાગો ધ્વારા વિકાસના અનેક મહત્વપૂર્ણ કાર્યો કરવામાં આવી રહ્યા છે. જેમ કે, રોડ રસ્તા, નાળા, પુલો, નાના અને મોટા ચેકડેમ, શિક્ષણ સંસ્થાઓ, દવાખાનાઓ અને હોસ્પિટલો, રેલ્વે વિભાગનાં કામો, ગામડાઓમાં સરકારની વિવિધ આયોજનની ગ્રાન્ટોનાં કામો, ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોના ઘરોનું બાંધકામ આ તમામ કાર્યો સમાજના સર્વાંગી વિકાસ માટે અત્યંત જરૂરી છે. જો કે હાલમાં રેતીની તંગીને કારણે આ કામગીરીમાં નીચે મુજબની ગંભીર મુશ્કેલીઓ સર્જાઈ રહી છે.

વધુમાં જણાવેલ છે કે, અનેક કામો ધીમી ગતિથી ચાલી રહ્યા છે કે અટકી ગયા છે, બાંધકામ ક્ષેત્રે રોજગાર મેળવનારા ગરીબ મજુરો રોજગારી વિહોણા બની રહ્યા છે જે અત્યંત ગંભીર પ્રશ્ન છે, ગુણવત્તાવાળી રેતી ન મળતી હોવાથી નીચી ગુણવત્તાવાળી રેતીનો ઉપયોગ થતો હોવાની ફરિયાદો છે જે બાંધકામની ગુણવત્તા પર સીધી અસર કરે છે. આવા સંજોગોમાં જિલ્લામાં વિકાસ કાર્યની ગુણવત્તા અને ઝડપ બંનેને નુકસાન થતું હોવાથી અને ગરીબ માણસોની રોજગારીનો પ્રશ્ન હોવાની રજુઆત મળેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં તાત્કાલિક ધોરણે રેતી લીઝ અને પરમિટ ફાળવવાની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવામાં આવે જેના કારણે રેતી ચોરી અટકાવી શકશે અને ગુણવત્તા યુક્ત રેતી ઉપલબ્ધ થશે.

બાંધકામમાં ગુણવત્તાવાળી રેતીના વિકલ્પ તરીકે MSandના ઉપયોગ માટે તંત્ર ધ્વારા વિશેષ માર્ગદર્શન તથા આદેશ આપવામાં આવે જે ખૂબ જ જરૂરી છે તેમ અંતમાં જણાવેલ છે.

## રાજુલા એસ.ટી. બસ સ્ટેન્ડમાં એક કર્મચારી દ્વારા ઠંડા પાણીની બોટલનું વિતરણ

રાજુલા, તા.૧૬

હાલમાં પ્રખત ઉનાળો ચાલી રહ્યો હોય સખત તડકાઓ પડી રહ્યા હોય. ત્યારે તંત્ર ધ્વારા ઊંચા તાપમાનની આગાહી કરવામાં આવી હોય. એવા સમય રાજુલા એસટી ડેપોના એક કર્મચારી ભરતભાઈ વરૂ ધ્વારા આ ગરમી તેમજ તડકાઓમાં પ્રવાસી જનતાને ઠંડુ પાણી આપવાનો વિચાર આવતા. તેમણે આજે સવારથી બપોર સુધીમાં અંદાજિત ૧૦૦૦ જેટલી ઠંડી બોટલો રાજુલાના ડેપો મેનેજર ના માર્ગદર્શન મુજબ આજે પ્રવાસીઓને વિતરણ કરવામાં આવેલ. તેમજ દરેક આવતી જતી બસોમાં તમામ પેસેન્જરોને પણ પાણીની બોટલો આપવામાં આવી. ત્યારે આ પાણી ન બોટલોના વિતરણ પ્રસંગે સમગ્ર સ્ટાફ પણ હાજર રહેલો. અને તેમના તમામ પ્રવાસી જનતાને આ પાણી બોટલો વિતરણમાં રાજુલા શહેરનાં ડેપોના સ્ટાફ ધ્વારા પણ મદદ કરવામાં આવેલી. ત્યારે આ બોટલ વિતરણ કરતા રાજુલા ડેપોમાં ધ્વારા ભરતભાઈ વરૂને આ સુંદર કાર્ય કરવા બદલ શુભેચ્છા પણ પાઠવવામાં આવી.



તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

### પાલિકાના પૂર્વ પ્રમુખ સહિતનાં આગેવાનો દ્વારા

## બાબરા ખાતે ડો. બાબાસાહેબની જન્મજયંતીની ઉજવણી કરાઈ

### ડો. બાબા સાહેબને પુષ્પાજંલિ અર્પણ કરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૬

વિ વિભુતી ભારતરત્ન મહામાનવ, બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૨મી જન્મ જયંતી નિમિત્તે ફુલહાર કરી જય ભીમના નારા બોલાવવામાં આવ્યા અને સ્વયંસૈનીક દળ દ્વારા મહારેલીનું આયોજન કરેલ હતું અને બાબા સાહેબને સલામી આપવામાં આવી હતી, જેમાં નગરપાલિકા પુવ પ્રમુખ ખીમજીભાઈ મારૂં, મહેશભાઈ ચૌહાણ ચુડાસમા, હરેશ મેવાડા (એડવોકેટ), રાહુલ મારૂ (એડવોકેટ), મહેશભાઈ ચૌહાણ (સદસ્ય ન.પા.), ભીખાભાઈ મારૂં, નરેશભાઈ ખીમસુરીયા, દુદાભાઈ મારૂં, મનુભાઈ બારોટ, કાનજીભાઈ મારૂં, મનુભાઈ મારૂં, કાનાભાઈ મારૂં, પ્રવિણભાઈ રાઠોડ, બાબુભાઈ મહીડા, વશરામભાઈ મારૂં, રાજેશભાઈ મારૂં, સંજયભાઈ સાગઠીયા, ભરતભાઈ મારૂં, હિતેશભાઈ મારૂં, મંગળદાસ ચાચીયા, યુનીકભાઈ, અવિનાશ ચાવડા, ધમુભાઈ, અનીલ સોલંકી, મયુરભાઈ, મૌલિક મારૂ સહિતના તાલુકા દલિત સમાજ હાજર રહેલ હતા.

### ટ્રસ્ટીઓએ નવા વિભાગની મુલાકાત લીધી

## સાવરકુંડલામાં દર્દીનારાયણની નિઃશુલ્ક સેવા કરતાં આરોગ્ય મંદિરમાં વધુ સુવિધાનો ઉમેરો

### વધુમાં વધુ આરોગ્ય સેવા પુરી પાડવાનુ લક્ષ્ય





સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરમાં માર્કેટ યાર્ડ વાળા રસ્તે ખાદી કાર્યાલય કેમ્પસ ખાતે આવેલ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ નિઃશુલ્ક આરોગ્ય મંદીર ખાતે દરરોજ મોટી સંખ્યામાં દર્દીનારાયણ આરોગ્યની વિવિધ સેવાઓ સંપૂર્ણ નિશુલ્ક મેળવી રહ્યા છે. સાવરકુંડલા વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત નિઃશુલ્ક આરોગ્ય મંદીરમાં હાલ ગાયનેક, ઓર્થોપેડિક, બાળકોનો વિભાગ, આંખ, કાન, નાક, ગળા, દાંત, ફીઝીયો થેરાપી, ભોજનાલય, ડાયાલીસીસ, ઓપરેશન થીએટર, લેબોરેટરી, એક્સરે, આઈ.સી.યુ., દવા વિભાગ, મેડિકલ, જનરલ ઓપીડી, વગેરે અલગ અલગ રોગો અને નિંદાન, સારવાર દર્દીનારાયણ મેળવી રહ્યા છે હજુ પણ નિઃશુલ્ક આરોગ્ય મંદીર ખાતે વધુ વિભાગો અને દર્દીઓને વધુ સુવિધા ઉપલબ્ધ થાય એ આશય સાથે આરોગ્ય મંદીર ખાતે થતું નવા વિભાગોનું બાંધકામ ચાલી રહ્યું છે એ કામનું આરોગ્ય મંદીરના ટ્રસ્ટી દિવ્યકાંતભાઈ સૂચક, ભરતભાઈ જોશી તથા એડમીનીસ્ટ્રર ડોક્ટર પ્રકાશભાઈ કટારીયા દ્વારા જાતે સ્થળ પર જઈ સતત નિરીક્ષણ કરતાં જોવા મળે છે. ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટીઓ આ સંસ્થાને ગુજરાતનું શ્રેષ્ઠતમ મેડિકલ હબ બનાવવાની નેમ ધરાવે છે. પડકારો ઘણાં છે. પરંતુ અહીં પૂ. મોરારીબાપુના આશીર્વાદ અને પ્રમુખ હરેશભાઈ મહેતા અને ટ્રસ્ટી મંડળની અણિશુદ્ધ કાર્યનિષ્ઠાના હિસાબે એ સપનું પણ સો ટકા સાકાર થશે એમાં મીનમેખ નથી.

### સમસ્ત ગેવરીયા પરિવાર દ્વારા નવચંડી યજ્ઞ અને ભાગવત કથા જ્ઞાનયજ્ઞનું આયોજન

## અમરાપુર ગામના ખોડલધામ પ્રાંગણમાં ૨૧-૨૨ એપ્રીલ બે દિવસ ખોડિયાર માતાજીનો હવન

### વ્યાસપીઠેથી ધારીવાળા ભાગવતાચાર્ય હિમાંશુદાદા કથામૃતનું રસપાન કરાવશે

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લાના એક અનોખા ધર્મમય ગામ અમરાપુર (ધાનાણી) ખાતે આગામી તા.૨૧ એપ્રિલથી નવચંડી યજ્ઞ, શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ સાથે આનુસંગિક અનેકવિધ કાર્યક્રમોનું અમરાપુર ખોડલધામ મંદિરના પ્રાંગણમાં આયોજન કરવામાં આવ્યું છે.

ગેવરિયા પરિવારના આરાધ્ય દેવ આઈ ખોડિયાર માતાજીના અનન્ય ઉપાસક અરજણભાઈ પુનાભાઈ ગેવરિયાની પ્રેરણા અને પ્રોત્સાહનથી ગામ તથા આસપાસના અનેક સમર્થક પરિવારો તરફથી ખોડિયાર માતાજીનો હવન, વંદનીય રાત્રી કાર્યક્રમો, કાર્યકરોના આઠ દિવસ દરમિયાન ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

શ્રીમદ ભાગવત કથામાં વ્યાસપીઠે ધારીવાળા ભાગવતાચાર્ય હિમાંશુ (દાદા) પોતાની આગવી શૈલીમાં સંગીતના સથવારે કથામૃતનું રસપાન કરાવશે. આ અલભ્ય અવસરે અમરેલી જિલ્લાના ભાવિક પરિવારોને જ્ઞાન, સંગીત અને કિર્તનના ત્રીવેણી સંગમમાં સહભાગી થવા ગેવરીયા પરિવારે ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

## જાળિયા ખાતે સેવક સમાજ દ્વારા વિનામૂલ્યે છાશનું વિતરણ

અમરેલી, તા. ૧૬

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિત્તિ રાજકોટના સહયોગથી જાળિયા સેવક સમાજ જાળિયા મારફત ઉનાળાના બે માસ દરમ્યાન મફત છાશ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. જેમાં દરરોજ ૧૧૦ જેટલા લાભાર્થીઓ કુટુંબો લાભ લઈ રહ્યા છે. સંસ્થાની ઉમદા પ્રવૃતિથી કાળજાળ ગરમીમાં ગરીબ કુટુંબો રાહત અનુભવી રહ્યા છે. અને સંસ્થાને અંતરના આશિર્વાદ આપી રહ્યા છે. મફત છાશ કેન્દ્રનું સંચાલન જાળિયા સેવક સમાજના કાર્યકર રાજુભાઈ ખટોલિયાના માર્ગદર્શન નીચે કામગીરી ચાલુ છે. મફત છાશ કેન્દ્રના ઉદઘાટન સમયે જાળિયા સેવક સમાજના ટ્રસ્ટી પરશોતમભાઈ રાજયગુરૂ તથા લાલજીભાઈ નાકરાણી હાજર રહેલ તેમજ જાળિયા સેવા સમિતિના સભ્યઓ દિલીપભાઈ નાકરાણી, અશ્વિનભાઈ નાકરાણી, પરશોતમભાઈ સાંગાણી હાજર રહેલ હતા.


બેંક ઓફ મહારાષ્ટ્ર Bank of Maharashtra | બેંક ઓફ મહારાષ્ટ્ર અમરેલી શાખા | હરાજી વેચાણ સૂચના

[illegible]

| ક્રમ નં. | લોનની તારીખ | લોન એકાઉન્ટ નંબર | ઉધાર લેનારનું નામ અને સરનામું | હરાજી માટે અનામત કિંમત |
| --- | --- | --- | --- | --- |
| 1. | 01.12.2023 | 60469197246 | [illegible] ગુજરાત-364002 | રૂ.16,89,880/- |

સ્થળ: અમરેલી
તારીખ: 16-04-2025
શાખા વ્યવસ્થાપક અમરેલી શાખા

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદોસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫




### ગુજરાતના સરકારી કર્મચારીઓ-પેન્શનરો માટે ખુશખબર

# સરકારી કર્મચારીઓના DAમાં ૨ ટકાનો વધારો કરવાનો નિર્ણય

### પહેલી જાન્યુઆરીથી તફાવતની રકમ એપ્રિલ મહિનાના પગારમાં ચૂકવવામાં આવશે : રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને લાભ થશે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત સરકારે ફરી એકવાર સરકારી કર્મચારીઓને આનંદના સમાચાર આપ્યા છે. આજે મળેલી કેબિનેટમાં રાજ્યના સરકારી કર્મચારીઓના DAમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. સરકારી કર્મચારીઓના DAમા ૨ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામા આવ્યો છે. કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૫મા કેન્દ્ર સરકારના કર્મચારીઓને વધારો આપ્યો હતો, ત્યારથી તેઓ રાહ જોઈ રહ્યા હતા. તમને જણાવી દઈએ કે હાલ રાજ્ય સરકારના કર્મચારીઓને ૫૩% ડીએ મળે છે. આજની કેબિનેટ બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જોકે, આ વધારેલું ડીએ ક્યારેથી લાગુ થશે તે અંગે હજુ માહિતી સામે આવી નથી. રાજ્યના સરકારી કર્મચારીઓને માટે એક આનંદના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓ માટે એક મોટો નિર્ણય લીધો છે, જે અંતર્ગત હવે કર્મચારીઓના ડીએમાં વધારો કરવામાં આવ્યો છે.

આ સાથે જ રાજ્ય સરકાર પોતાના કર્મચારીઓના DAમાં વધારો કરશે. રાજ્ય સરકારના કર્મચારીઓને હાલ ૫૩% ડીએ મળે છે, હવેથી ૫૩ના બદલે હવે રાજ્યના કર્મચારીઓને ૫૫ ટકા DA મળશે. જોકે, વધારેલું DA ક્યારથી લાગુ થશે તે અંગે સત્તાવાર જાહેરાતમાં ખબર પડશે. ૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ ૨% ડીએમાં વધારો કર્યો તે રાજ્ય સરકારે તાત્કાલિક ૧૫ દિવસમાં અમલ કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારને પગલે હવે રાજ્ય સરકારે પણ ૨% ડીએમાં વધારો કર્યો છે. પહેલી જાન્યુઆરીથી તફાવતની રકમ એપ્રિલ મહિનાના પગારમાં ચૂકવવામાં આવશે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને લાભ થશે. કુલ નવ લાખ કર્મચારી અને પેન્શનરોનું લાભ રહેશે. આ નિર્ણય રાજ્ય સરકારના કર્મચારીઓ માટે છે. બોર્ડ નિગમના કર્મચારીઓનો લાભ નહીં મળે. આ નિર્ણય સરકાર હવે પછી લેશે. રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે નિર્ણયની જાહેરાત કરતાં કહ્યું કે, સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના જે કર્મયોગીઓ છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.આ મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપ્તામાં એપ્રિલ-૨૦૨૫ના પગાર સાથે ચૂકવવામાં આવશે.આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૭૮ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૮૧ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે.એટલું જ નહિ, રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને રૂ.૨૩૫ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે તથા વધારાના વાર્ષિક રૂ.૯૪૬ કરોડની ચુકવણી પગારભથ્થા-પેન્શન પેટે થશે. રાજ્ય મંત્રીમંડળની બેઠકે કરેલા આ નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

### જે.પી નડ્ડાના ઘરે દિગ્ગજ નેતાઓની બેઠક

# વડાપ્રધાન મોદીએ અચાનક રાષ્ટ્રપતિ સાથે કરી મુલાકાત

### આ બેઠકમાં અનેક મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ

નવી દિલ્હી, તા.૧૬

દેશમાં આ દિવસોમાં નવા વક્ફ કાયદાને લઈને ઘણો હોબાળો મચી ગયો છે. સંસદમાંથી પસાર થયેલા આ નવા કાયદાને લઈને વિરોધ પ્રદર્શનની આગમાં એક તરફ પશ્ચિમ બંગાળના ઘણા વિસ્તારો ભડકે બળી રહ્યા છે, તો બીજી તરફ આ કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં પણ સુનાવણી થવાની છે. આ દરમિયાન દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના અનેક દિગ્ગજ નેતાઓની તાજેતરની ગતિવિધિઓએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. અટકળો ચાલી રહી છે કે શું દેશમાં ફરી કંઈક મોટું થવાનું છે? શું આ બેઠકો કોઈ મોટા રાજકીય ફેરફારની તૈયારીનો ભાગ છે? ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના નિવાસસ્થાને ગઈ રાત્રે એક હાઈ-પ્રોફાઈલ બેઠકે રાજકીય વર્તુળોમાં હલચલ મચાવી દીધી છે. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ અને અશ્વિની વૈષ્ણવ જેવા દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. ભાજપના દિગ્ગજ નેતાઓની આ બેઠક લગભગ અઢી કલાક સુધી ચાલી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં અનેક મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ. અમિત શાહ અને રાજનાથ સિંહ જેવા નેતાઓની હાજરી એ દર્શાવે છે કે ચર્ચામાં રાષ્ટ્રીય સુરક્ષા અને રક્ષા સાથે જોડાયેલા મુદ્દાઓ પણ સામેલ હોઈ શકે છે. આ ઉપરાંત, પીયૂષ ગોયલ અને અશ્વિની વૈષ્ણવની હાજરી આર્થિક અને માળખાગત મુદ્દાઓ તરફ ઈશારો કરે છે. કેટલાક જાણકારોનું માનવું છે કે આ બેઠક મંત્રીમંડળના વિસ્તરણ અથવા ફેરબદલની શક્યતાને પણ બળ આપે છે.આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવન પહોંચીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરી. આ મુલાકાત પણ લગભગ એક કલાક સુધી ચાલી. જોકે, આ મુલાકાતનો સત્તાવાર એજન્ડા સામે આવ્યો નથી. પરંતુ રાજકીય વર્તુળોમાં તેને લઈને અનેક અટકળો ચાલી રહી છે.કેટલાકનું માનવું છે કે આ એક ઔપચારિક મુલાકાત હોઈ શકે છે, તો કેટલાક જે.પી નડ્ડાના નિવાસસ્થાને યોજાયેલી બેઠક સાથે તેને જોડી રહ્યા છે. શું આ મુલાકાત કોઈ મોટા બંધારણીય કે વહીવટી નિર્ણય સાથે જોડાયેલી છે? શું સરકાર કોઈ મોટું પગલું ભરવાની તૈયારીમાં છે? આ પ્રશ્નો સોશિયલ મીડિયા અને રાજકીય ગલિયારાઓમાં ચર્ચાનો વિષય બન્યા છે.પીએમ મોદીની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત અને જે.પી નડ્ડાના નિવાસ સ્થાને બેઠકને લઈને સોશિયલ મીડિયા પર પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. ઘણા યૂઝર્સે આને 'કંઈક મોટું થવાનો' સંકેત ગણાવ્યો છે. એક યૂઝરે લખ્યું, 'મોદીજીની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત અને જે.પી નડ્ડાના ઘરે દિગ્ગજ નેતાઓની બેઠક- ચોક્કસ કંઈક મોટું થવાનું છે.' કેટલાકે આને મંત્રીમંડળના વિસ્તરણ સાથે જોડ્યું, તો કેટલાકે તેને તાજેતરના રાજકીય ઘટનાક્રમો, જેમ કે વિપક્ષી નેતાઓ પર ઈડીની કાર્યવાહી, સાથે જોડીને જોયું. જોકે, આ અટકળોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.હાલમાં, આ બેઠકો અને મુલાકાતોનો સાચો હેતુ સ્પષ્ટ નથી, પરંતુ એટલું નિશ્ચિત છે કે ભાજપ કંઈક મોટું કરવાની તૈયારીમાં છે. આ રાજકીય, વહીવટી કે સંગઠનાત્મક ફેરફાર હશે, તે આવનારા દિવસોમાં સ્પષ્ટ થશે. રાજકીય ગલિયારાઓ અને સોશિયલ મીડિયા પર ચર્ચા જોરશોરથી ચાલી રહી છે, અને સૌની નજર હવે ભાજપના આગલા પગલા પર ટકેલી છે.

### અંધારાનો ફાયદો ઉઠાવી ભીડે પથ્થરમારો કર્યો

# નાસિકમાં દબાણવાળી દરગાહ હટાવવા જતાં ભારે હોબાળો થયો

### રાતના સમયે ૫૦૦ પોલીસકર્મી તૈનાત હતા અને ભીડમાં ૪૦૦થી વધારે લોકો હતા : ભીડ દ્વારા પથ્થરમારો કરાયો

નાસિક, તા. ૧૬

મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આવેલી દ્વારકાના કાઠે ગલી વિસ્તારમાં એક દરગાહના નિર્માણને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ દરમ્યાન નગર નિગમ આ ગેરકાયદેસર ધાર્મિક સ્થળ પાડવા જઈ રહ્યું હતું. તેને લઈને આ વિસ્તારમાં ભારે પોલીસ ફોર્સ તૈનાત કરી હતી. નગર નિગમે ૧૫ દિવસ પહેલા નોટિસ પણ આપી હતી અને કહ્યું હતું કે, આ ધાર્મિક સ્થલ અનધિકૃત છે. ૧૫ દિવસની અંદર દબાણ હટાવી લો, નહીંતર નગર નિગમ કાર્યવાહી કરશે.તો વળી મંગળવારે અડધી રાતે આજુબાજુના વિસ્તારમાં ભારે હોબાળો થયો. રાતના સમયે વીજળી જવાથી ભીડે ફાયદો ઉઠાવ્યો અને ગેરકાયદેસર દરગાહને હટાવવા ગયેલી નગર નિગમની ટીમ તથા પોલીસ પર પથ્થરમારો કર્યો. તેમાં ૪ અધિકારી અને ૧૧ પોલીસકર્મી ઘાયલ થઈ ગયા. પાંચ વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું છે. વિસ્તારની વિવાદિત ધાર્મિક દરગાહને લઈને અફવા ફેલાવવાથી તણાવની સ્થિતિ ઊભી થઈ ગઈ. રાતના સમયે ૫૦૦ પોલીસકર્મી તૈનાત હતા અને ભીડમાં ૪૦૦થી વધારે લોકો હતા. ભીડ દ્વારા પથ્થરમારો કર્યા બાદ પોલીસે ટિયર ગેસના સેલ છોડ્યા હતા.૨૨ ફેબ્રુઆરીના રોજ પણ મહાનગરપાલિકાએ અનધિકૃત ધાર્મિક સ્થળો પરથી અતિક્રમણ દૂર કર્યું હતું. આ પછી કોર્ટે ચુકાદો આપ્યો કે સમગ્ર ધાર્મિક સ્થળ અનધિકૃત છે, આજે અતિક્રમણ સંપૂર્ણપણે દૂર કરવામાં આવશે. કોર્ટના આદેશ બાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૧ એપ્રિલના રોજ ગેરકાયદેસર દરગાહને નોટિસ ફટકારી હતી. નાસિક પોલીસે આ વિસ્તારમાં ટ્રાફિક રૂટ પણ બદલી નાખ્યો છે.અહીં ઉલ્લેખનિય છે કે, ફેબ્રુઆરીમાં સમગ્ર હિન્દુ સમાજે માંગ કરી હતી કે આ કથિત ગેરકાયદેસર ધાર્મિક સ્થળને તોડી પાડવામાં આવે અને તે જગ્યાએ બજરંગ બલીનું મંદિર બનાવવામાં આવે. આ અંગે, હિન્દુ કાર્યકરોએ શનિવારે (૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫) એક મોટા વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. આ વાતની જાણ થતાં જ ઘટનાસ્થળે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ સાથે જ વિસ્તારમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. વિરોધ પ્રદર્શનને રોકવા માટે પોલીસે કેટલાક સાધુઓ અને સંતોની ધરપકડ પણ કરી.

### ફરિયાદ બાદ પોલીસ દોડતી થઈ

# ICUમાં વેન્ટિલેટર પર રહેલી એર હોસ્ટેસ સાથે હોસ્પિટલમાં ગંદુ કામ

### વેન્ટિલેટર પર સારવાર લઈ રહેલી એર હોસ્ટેસ દર્દી સાથે હોસ્પિટલ સ્ટાફના જ એક સભ્ય દ્વારા યૌન શોષણ

ગુરુગ્રામ, તા.૧૬

ગુરુગ્રામની એક નામાંકિત ખાનગી હોસ્પિટલમાં જેમાં દાખલ ૪૬ વર્ષીય એર હોસ્ટેસનું યૌન શોષણ કરાયાનો ગંભીર આરોપ લાગ્યો છે. પીડિતા વેન્ટિલેટર પર હતી અને તેની તબિયત નાજુક હતી, તે દરમિયાન આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાને લઈને ગુરુગ્રામના સદર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે.FIR અનુસાર, ૪૬ વર્ષીય આ મહિલા એક એરલાઈન કંપનીમાં એર હોસ્ટેસ તરીકે કામ કરે છે અને તે ગુરુગ્રામમાં તાલીમ માટે આવી હતી. તે એક હોટેલમાં રોકાઈ હતી. જ્યાં ૫ એપ્રિલે સ્વિમિંગ કરતા સમયે અચાનક તેની તબિયત લથડી હતી. તેને સૌપ્રથમ એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને બાદમાં ૬ એપ્રિલે તેના પતિએ તેને અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. આ હોસ્પિટલના ICUમાં વેન્ટિલેટર પર હોવા દરમિયાન તેનું યૌન શોષણ થયું હોવાનો આરોપ છે.મીડિયા રિપોર્ટ્સ મુજબ પીડિતાના જણાવ્યા અનુસાર, તે ઘટના દરમિયાન અર્ધબેહોશીની સ્થિતિમાં હતી. તેણીએ એ પણ દાવો કર્યો છે કે ઘટના દરમિયાન બે નર્સ પણ હાજર હતી, પરંતુ તેમણે કોઈ પગલાં લીધાં નહીં. ૧૩ એપ્રિલે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ પીડિતાએ પોતાના પતિને આ ઘટના વિશે જણાવ્યું. ત્યારબાદ તેમણે ફરિયાદ દાખલ કરી હતી.આ ઘટનાને લઈને હોસ્પિટલ તરફથી એક ઔપચારિક નિવેદન જારી કરવામાં આવ્યું છે. હોસ્પિટલે જણાવ્યું કે, ''અમને આ ફરિયાદ વિશે જાણ થઈ છે અને અમે તપાસમાં સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છીએ. હાલમાં કોઈ આરોપ સાબિત થયો નથી. અમે ઘટનાના સમયના CCTV ફૂટેજ અને અન્ય જરૂરી દસ્તાવેજો પોલીસને સોંપી દીધા છે.'' ગુરુગ્રામ પોલીસે આ મામલે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે. પીડિતાનું નિવેદન કોર્ટમાં મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધવામાં આવ્યું છે. પોલીસ હોસ્પિટલના સ્ટાફની પૂછપરછ કરી રહી છે અને ઘટનાના સમયના CCTV ફૂટેજની તપાસ કરી રહી છે. પોલીસે જણાવ્યું કે, આરોપીની ઓળખ કરીને તેને ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. આ ઘટનાએ હોસ્પિટલોમાં દર્દીઓની સુરક્ષા અને સ્ટાફની જવાબદારી પર ફરી એકવાર સવાલો ઉભા કર્યા છે. ઘટનાને પગલે સમાજમાં ભારે આક્રોશ ફેલાયો છે. સોશિયલ મીડિયા પર લોકો આ ઘટનાની નિંદા કરી રહ્યા છે અને હોસ્પિટલ તંત્ર પર સવાલો ઉઠાવી રહ્યા છે. ઘણા લોકોએ આરોપી સામે કડક કાર્યવાહી અને હોસ્પિટલની જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. આ સ્ટોરી ઉપલબ્ધ માહિતી અને મીડિયા રિપોર્ટ્સના આધારે તૈયાર કરવામાં આવી છે.

## ન્યાયમૂર્તિ બી આર ગવઈ બનશે ભારતના આગામી CJI

નવી દિલ્હી, તા.૧૬

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સંજીવ ખન્નાએ અધિકૃત રીતે ન્યાયમૂર્તિ ભૂષણ રામકૃષ્ણ ગવઈને પોતાના ઉત્તરાધિકારી બનાવવાની ભલામણ કરી છે અને તેમના નામને મંજૂરી માટે કેન્દ્રીય કાયદા મંત્રાલયને મોકલી દીધુ છે. આ ભલામણથી હવે ન્યાયમૂર્તિ ગવઈ ભારતના ૫૨માં મુખ્ય ન્યાયાધીશ બનશે એ નક્કી થઈ ગયું છે. જસ્ટિસ ગવઈનો જન્મ ૨૩ નવેમ્બર ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્રના અમરાવતીમાં થયો હતો. તેમના પિતા આરએસ ગવઈ એક જાણીતા રાજનેતા હતા. જે રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (RPI)ના નેતા, સાંસદ અને બિહાર, સિક્કિમ તથા કેરળના રાજ્યપાલ રહી ચૂક્યા છે. જસ્ટિસ ગવઈએ ૧૬ માર્ચ ૧૯૮૫ના રોજ વકીલ તરીકે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. શરૂઆતમાં તેમણે જાણીતા પૂર્વ વકીલ અને હાઈકોર્ટના જજ રાજા એસ ભોંસલે સાથે કામ કર્યું. ૧૯૮૭ થી ૧૯૯૦ સુધી તેમણે મુંબઈ હાઈકોર્ટમાંપ્રેક્ટિસ કરીઅનેપછી નાગપુર બેન્ચમાં બંધારણીય અને પ્રશાસનિક કાનૂનના કેસોમાં કામ કર્યું. તેઓ નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન, અમરાવતી મ્યુનિસિપલ કોર્પોરેશન અનેઅમરાવતી યુનિવર્સિટીના સ્ટેન્ડિંગ કાઉન્સિલ રહ્યા. ૧૯૯૨-૯૩ સુધી તેઓ આસિસ્ટન્ટ ગવર્મેન્ટ પ્લેડર અને પબ્લિક પ્રોસિક્યુટર પણ રહ્યા. ૨૦૦૦માં તેમને ગવર્મેન્ટ પ્લેડર નિયુક્ત કરાયા. ૧૪ નવેમ્બર ૨૦૦૩ના રોજ તેઓ બોમ્બે હાઈકોર્ટના એડિશનલ જજ બન્યા અને ૧૨ નવેમ્બર ૨૦૦૫ના રોજ કાયમી જજ. ૧૬ વર્ષ સુધી મુંબઈ, નાગપુર, ઔરંગાબાદ અને પણજીની બેન્ચોમાં કામ કર્યા બાદ ૨૪ મી મે ૨૦૧૯ના રોજ તેમને સુપ્રીમ કોર્ટના જજ બનાવવામાં આવ્યા. જસ્ટિસ ગવઈ સુપ્રીમ કોર્ટમાં અનુસૂચિત જાતિ (SC) સમુદાયથી નિયુક્ત થનારા પહેલા જજ છે. જે જસ્ટિસ કેજી બાલકૃષ્ણનના ૨૦૧૦માં રિટાયર થયા બાદ આવ્યા. તેઓ બાલકૃષ્ન બાદ બીજા દલિત CJI હશે. સુપ્રીમ કોર્ટ કોલેજિયમે તેમની નિયુક્તિમાં તેમની વરિષ્ઠતા, ઈમાનદારી, યોગ્યતા અને સમુદાયના પ્રતિનિધિત્વને મહત્વ આપ્યું છે.

### દુબઈમાં ૨ ભારતીય મજૂરોની હત્યા

# પાકિસ્તાનીઓએ તલવારથી હુમલો કરી બે ભારતીયોને મોતને ઘાટ ઉતાર્યા

### મુંબઈની દુબઈની એક બેકરીમાં એક પાકિસ્તાની નાગરિકે ધાર્મિક નારા લગાવતા હુમલો કર્યો

દુબઈ, તા. ૧૬

દુનિયામાં સૌથી સુરક્ષિત ગણાતા દુબઈમાં બે ભારતીયઓની હત્યાના સમાચાર આવી રહ્યા છે. પીટીઆઈના જણાવ્યા અનુસાર, દુબઈમાં તેલંગાણાના બે મજૂરોની પાકિસ્તાનીઓએ હત્યા કરી નાખી છે. બે પીડિત પરિવારોના સભ્યોએ મંગળવારે દાવો કર્યો કે, મુંબઈની દુબઈની એક બેકરીમાં એક પાકિસ્તાની નાગરિકે ધાર્મિક નારા લગાવતા હુમલો કર્યો. હુમલામાં તેલંગાણાના બે લોકોના મૃત્યુ થઈ ગયા અને ત્રીજો ઘાયલ થઈ ગયો.નિર્મલ જિલ્લાના સોન ગામના અષ્ટપુ પ્રેમસાગર (૩૫) ની ૧૧ એપ્રિલના રોજ તલવાર વડે હત્યા કરવામાં આવી હતી, એમ મૃતકોમાંથી એકના કાકા એ પોશેટ્ટીએ પીટીઆઈને જણાવ્યું હતું. આ કથિત ઘટના તે બેકરીમાં બની હતી જ્યાં પીડિતો કામ કરતા હતા. પોશેટ્ટીએ જણાવ્યું હતું કે પ્રેમસાગરના પરિવારમાં તેમની પત્ની અને બે બાળકો છે. તેમના પરિવારના સભ્યોને આ અંગે જાણ કરવામાં આવી નથી.

તેમણે સરકારને તેમના મૃતદેહને ભારત લાવવામાં મદદ કરવા વિનંતી કરી. દરમિયાન, કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે બીજા મૃતકનું નામ શ્રીનિવાસ હતું, જે નિઝામાબાદ જિલ્લાનો રહેવાસી હતો. દરમિયાન, હુમલામાં ઘાયલ થયેલા વ્યક્તિની પત્ની ભવાનીએ નિઝામાબાદ જિલ્લામાં પત્રકારોને જણાવ્યું હતું કે તેમના પતિ સાગરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં, કેન્દ્રીય મંત્રી રેડ્ડીએ કહ્યું કે દુબઈમાં તેલંગાણાના બે તેલુગુ યુવાનો, નિર્મલ જિલ્લાના અષ્ટપુ પ્રેમસાગર અને નિઝામાબાદ જિલ્લાના શ્રીનિવાસની ક્રૂર હત્યાથી તેઓ ખૂબ જ આઘાત પામ્યા છે. આ બાબતે માનનીય વિદેશ મંત્રી એસ જયશંકર જી સાથે વાત કરી અને તેમણે શોકગ્રસ્ત પરિવારોને સંપૂર્ણ સહાય અને મૃતદેહોને તાત્કાલિક સ્વદેશ પરત મોકલવાની ખાતરી આપી છે. જયશંકરનો તેમની મદદ બદલ આભાર માનતા તેમણે કહ્યું કે વિદેશ મંત્રાલય પણ આ કેસમાં ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા માટે કામ કરશે. કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બંદી સંજય કુમારે શોક વ્યક્ત કરતા કહ્યું કે તેમણે વિદેશ મંત્રાલયના અધિકારીઓ સાથે વાત કરી છે અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકારીઓ તેમના સંપર્કમાં છે.

### વક્ફ બાય યુઝર સંપત્તિઓને ડિનોટિફાઈ કરવા મુદ્દે સરકારની ટીકા

# નવા વક્ફ કાયદા વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ

### સુનાવણી આજ સુધી સ્થગિત : કોર્ટમાં ૭૩ અરજીઓ દાખલ જેમાંથી આજે દસ અરજીઓ પર સુનાવણી

નવી દિલ્હી, તા.૧૬

નવા વક્ફ કાયદા વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીઓ પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ થઈ. કોર્ટમાં ૭૩ અરજીઓ દાખલ કરવામાં આવી છે, જેમાંથી આજે દસ અરજીઓ પર સુનાવણી થવાની વાત કહેવામાં આવી હતી. વક્ફ સુધારા કાયદાની માન્યતાને કોર્ટમાં પડકારવામાં આવી છે. અરજીઓમાં દાવો કરવામાં આવ્યો હતો કે સુધારેલા કાયદા હેઠળ વક્ફ મિલકતોનું સંચાલન અસામાન્ય રીતે કરવામાં આવશે અને આ કાયદો મુસ્લિમોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ સંજય કુમાર અને ન્યાયાધીશ કે.વી. વિશ્વનાથનની ત્રણ ન્યાયાધીશોની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે. તાજેતરમાં, કેન્દ્ર સરકારે વક્ફ કાયદામાં સુધારો કર્યો હતો, જેનો અમલ કરવામાં આવ્યો છે. આ અંગે કેટલીક જગ્યાએ વિરોધ પ્રદર્શનો થયા છે અને ઘણી જગ્યાએ હિંસક ઘટનાઓ પણ નોંધાઈ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તાક્ષર બાદ ૫ એપ્રિલે સંસદમાં ચર્ચા દરમિયાન આ કાયદો પસાર કરવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ આ મામલે નોંધ લીધી છે કે, આ મુદ્દે સર્જાયેલી હિંસા એ ખૂબ જ હેરાન કરનારો મામલો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે વધુ સુનાવણી આવતીકાલે ગુરૂવારે બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કર્યો છે.

સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે, સામાન્ય રીતે, જ્યારે કાયદો પસાર થાય છે ત્યારે અમે હસ્તક્ષેપ કરતા નથી, પરંતુ આ કાયદામાં અપવાદો ઘણા છે. અહીં વક્ફ બાય યુઝરના કિસ્સામાં ઘણી ગંભીર સમસ્યાઓ સર્જાશે. વક્ફ બાય યુઝર ૧૯૪૦થી લાગુ છે. સુપ્રીમ કોર્ટે આ સુનાવણીમાં કેન્દ્ર સરકારને આડે હાથ લીધી હતી. કેન્દ્ર સરકાર દ્વારા વક્ફ બાય યુઝરની સંપત્તિઓને રદ કરવાની કવાયત પર આકરા સવાલો પૂછ્યા હતાં. ઝત્નૈંએ સ્પષ્ટપણે કહ્યું કે, જો આ સંપત્તિઓને ડિનોટિફાઈ (રદ કરવામાં આવશે, તો તે એક મોટો મુદ્દો બની શકે છે. સરકાર તરફથી દલીલ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાને ઝત્નૈંએ પૂછ્યું કે, તમે હજી પણ મારા સવાલનો જવાબ આપી રહ્યા નથી. શું વક્ફ બાય યુઝરની માન્યતા રદ કરવામાં આવશે કે નહીં? જેના જવાબમાં એસજી મહેતાએ કહ્યું કે, જો સંપત્તિ રજિસ્ટર્ડ છે, તો તે વક્ફ ગણાશે. જેના પર ઝત્નૈંએ કહ્યું કે, વક્ફ બાય યુઝર સંપત્તિઓને રદ કરવામાં આવી તો તે ગંભીર મુદ્દો બનશે.

સુપ્રીમ કોર્ટની સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે, વક્ફ સંશોધન બિલ પર વિચાર વિમર્શ માટે જેપીસીની રચના કરવામાં આવી હતી. જેમાં ૩૮ બેઠકો યોજાઈ, ૯૨ લાખ બાબતોની તપાસ કરી. લોકસભા અને રાજ્યસભામાં વક્ફ સંશોધન બિલને મંજૂરી મળ્યા બાદ રાષ્ટ્રપતિએ મહોર લગાવી હતી. નવા વક્ફ કાયદામાં હવે શિયાને પણ સ્થાન મળશે. પહેલા માત્ર સુન્નીને સ્થાન મળતુ હતું.

કપિલ સિબ્બલે પ્રશ્ન ઉઠાવ્યો કે કાયદામાં કલેક્ટરને કઈ જમીન વક્ફ છે અને કઈ નથી તે નક્કી કરવાની સત્તા આપવામાં આવી છે. જો કોઈ વિવાદ હશે, તો સરકારનો આ માણસ નિર્ણય લેશે, એટલે કે, તે પોતે જ પોતાના કેસમાં ન્યાયાધીશની ભૂમિકા ભજવશે. આ સંપૂર્ણપણે ગેરબંધારણીય છે.

કપિલ સિબ્બલે વક્ફ કાયદાનો વિરોધ કરતા કહ્યું કે પહેલા ફક્ત મુસ્લિમો જ બોર્ડનો ભાગ બની શકતા હતા પરંતુ હવે હિન્દુઓ પણ તેનો ભાગ બનશે. કલમ ૨૬ કહે છે કે બધા સભ્યો મુસ્લિમ હશે. કાયદાના અમલ પછી, વક્ફ ડીડ વિના કોઈ વક્ફ ન બનાવી શકાય. સરકાર કહે છે કે વિવાદના કિસ્સામાં સરકારનો એક અધિકારી તપાસ કરશે. આ ગેરબંધારણીય છે.

વક્ફ કાયદા વિરુદ્ધ દલીલ કરતાં સિબ્બલે કહ્યું કે આ સંપૂર્ણ સરકારી ટેકઓવર છે. તમે કોણ છો એવું કહેવાવાળા કે હું વક્ફ બાય યૂઝર ન બની શકું. મુસ્લિમોએ હવે વક્ફ બનાવવા માટે દસ્તાવેજો રજૂ કરવા પડશે.

વરિષ્ઠ વકીલ રાજીવ ધવને કહ્યું કે અરજદારોની દલીલ એ છે કે વક્ફ ઈસ્લામ ધર્મનો આધાર અને ફરજિયાત છે. દાન કરવું ઈસ્લામમાં જરૂરી પ્રથા છે. વક્ફનો સુધારેલો કાયદો રાજ્યની તરફેણમાં છે અને તે ધર્મ પરથી નિયંત્રણ ગુમાવવાનું કારણ બને છે.

વક્ફની મોટાભાગની મિલકતો અને જમીનો ૧૦૦ વર્ષ પહેલા વક્ફ કરવામાં આવી હતી. તો પછી આના પુરાવા ક્યાંથી લાવીશું. આવા મુદ્દાઓ અનેક રાજ્યોમાં સામે આવશે. સુપ્રીમ કોર્ટે આ મામલે ધ્યાન આપવાની જરૂર છે અને નિર્ણય કરવાની જરૂર છે.

સીજેઆઈ સંજીવ ખન્નાએ કહ્યું કે સરકારે હિન્દુઓના કિસ્સામાં પણ કાયદો બનાવ્યો છે. સંસદે મુસ્લિમો માટે પણ કાયદા બનાવ્યા છે. કલમ ૨૬ ધર્મનિરપેક્ષ છે. આ બધા સમુદાયોને લાગુ પડે છે.

કોર્ટમાં વક્ફ કાયદાનો વિરોધ કરતા કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે જો હું વક્ફ કરવા માગતો હોઉં તો શું મારે પુરાવા આપવા પડશે કે હું પાંચ વર્ષથી ઈસ્લામનું પાલન કરી રહ્યો છું. જો હું મુસ્લિમ ધર્મમાં જ જન્મ્યો હોઉં તો મારે આ બધું કેમ કરવું પડે? મારો પર્સનલ લૉ અહીં લાગુ પડશે. આ ૨૬ કરોડ લોકોના અધિકારોનો પ્રશ્ન છે. શું અધિકારીઓ નક્કી કરશે કે કઈ મિલકત કોની છે? આનાથી સરકારી દખલગીરી વધશે. સીજેઆઈએ કહ્યું કે સમય ઓછો છે, તમારે ફક્ત મહત્વપૂર્ણ બાબતો વિશે જ વાત કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટમાં કેસની સુનાવણી દરમિયાન, કપિલ સિબ્બલે કલમ ૨૬ નો હવાલો આપતા કહ્યું કે વક્ફ કાયદો મુસ્લિમ ઉત્તરાધિકારનું ઉલ્લંઘન કરે છે. વક્ફ કાયદો ધાર્મિક બાબતોમાં દખલગીરી કરે છે.

### જમાઈ સાસુ કરતા ૧૦ વર્ષ નાનો

# સાસુનું ખુલ્યું રહસ્ય, જમાઈના ઘરે વિતાવી હતી પાંચ રાત

### પિતાએ એમ પણ જણાવ્યું કે રાહુલ તેના ઘરમાંથી કેટલાક પૈસા અને ઘરેણાં પણ લઈ ગયો હતો

અલીગઢ, તા.૧૬

ઉત્તર પ્રદેશના અલીગઢના બહુચર્ચિત સાસુ-જમાઈના અફેર કેસમાં સતત નવી માહિતી પ્રકાશમાં આવી રહી છે. આ જમાઈ રાહુલના પિતાએ નક્કી કર્યું છે કે તેઓ તેમના દીકરાને ઘરમાં રાખશે નહીં અને મિલકતમાં કોઈ હિસ્સો પણ આપશે નહીં. રાહુલના પિતાએ કહ્યું કે આ ઘટનાને કારણે સમાજમાં તેમના પરિવારની છબી ખરડાઈ છે. તેથી હવે તેની સાથે સંબંધ જાળવવાનો કોઈ અર્થ નથી. પિતાએ એમ પણ જણાવ્યું કે રાહુલ તેના ઘરમાંથી કેટલાક પૈસા અને ઘરેણાં પણ લઈ ગયો હતો.

સાસુ અને જમાઈની ઉંમર વિશે પણ નવી માહિતી બહાર આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મહિલા ૩૪ વર્ષની છે અને તેનો જમાઈ રાહુલ માત્ર ૨૪ વર્ષનો છે. દરમિયાન, અલીગઢના ડીએસપી મહેશ કુમારે જણાવ્યું હતું કે રાહુલના ઘણા સંબંધીઓ અને મિત્રોની પૂછપરછ કરવામાં આવી રહી છે. અલીગઢની મદ્રક પોલીસે રાહુલના સાળા, જે ઉત્તરાખંડના રુદ્રપુરના રહેવાસી છે, તેને પણ પૂછપરછ માટે બોલાવ્યા છે. પોલીસને રાહુલના સાળા પર સૌથી વધુ શંકા છે કે તેણે જ બંનેને ભગાવવામાં સૌથી વધુ મદદ કરી હતી. કારણ કે બંને તાજેતરમાં ઉત્તરાખંડમાં મળ્યા હતા. ડીએસપી મહેશ કુમારે જણાવ્યું હતું કે બંનેની શોધ ચાલુ છે અને આ માટે પૂછપરછ ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાહુલ પોતાના સાળા પાસે શેરવાની લેવા જઈ રહ્યો છું એમ કહીને ઘરેથી નીકળ્યો હતો. જોકે, પોલીસ પૂછપરછ દરમિયાન સાળાએ જણાવ્યું કે રાહુલ તેની પાસે આવ્યો જ નહોતો. પોલીસ સૂત્રો કહે છે કે સાળાએ આ કેસમાં કોઈપણ પ્રકારની મદદ કરવાનો ઈનકાર કર્યો છે.

જ્યારે રાહુલના પિતાએ તેની સાસુ પર મેલીવિદ્યાનો આરોપ લગાવ્યો છે. મીડિયા સાથે વાત કરતી વખતે, રાહુલના પિતાએ જણાવ્યું કે તેની ભાવિ સાસુ અહીં આવી હતી અને લગભગ ૫ દિવસ રહી હતી. ત્યારે તે રાહુલ માટે એક તાવીજ લઈને આવી. તેણે એક તાવીજ રાહુલના ગળામાં અને બીજું તેની કમરમાં બાંધ્યું હતું. પોલીસ હજુ સુધી જમાઈ અને સાસુને પકડી શકી નથી. બંનેના મોબાઈલ ફોન પણ બંધ છે, જેના કારણે પોલીસ તેમને શોધી શકતી નથી.

# સતત બીજા દિવસે સેન્સેક્સ અને નિફ્ટી ઉછાળા સાથે બંધ

### સેન્સેક્સ ૩૦૯ પોઈન્ટના ઉછાળા સાથે ૭૭,૦૪૪.૬૫ પર બંધ : નિફ્ટી ૨૩,૪૩૩.૬૫ પર બંધ થયો હતો

મુંબઈ, તા.૧૬

આજના ટ્રેડિંગ દરમિયાન નિફ્ટી પર ઈન્ડસઈન્ડ બેંક, એક્સિસ બેંક, ટ્રેન્ટ, ઓએનજીસી, એશિયન પેઈન્ટ્સના શેરો ટોપ ગેયરમાં જોવા મળ્યા હતા. જ્યારે મારુતિ સુઝુકી, હિન્ડાલ્કો, બજાજ ફાઈનાન્સ, એનટીપીસી, ટાટા મોટર્સના શેર ટોચના ઘટાડાની યાદીમાં સામેલ થયા હતા. BSE પર સેન્સેક્સ ૩૦૯ પોઈન્ટના ઉછાળા સાથે ૭૭,૦૪૪.૬૫ પર બંધ થયો હતો. NSE પર નિફ્ટી ૦.૪૫ ટકાના વધારા સાથે ૨૩,૪૩૩.૬૫ પર બંધ થયો હતો. IT, ઓટો સિવાય, અન્ય તમામ સૂચકાંકો લીલા નિશાન પર ટ્રેડ થયા હતા. જેમાં મીડિયા, PSU બેંકો, તેલ અને ગેસ કંપનીઓના શેર ૧-૨ ટકા વધ્યા હતા. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૦.૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. બુધવારે ભારતીય રૂપિયો ૮૫.૬૮ પ્રતિ ડોલર પર બંધ થયો હતો. જે મંગળવારના ૮૫.૭૭ના બંધ થયો હતો. છેલ્લા બે સત્રોમાં બેન્ચમાર્ક સૂચકાંકોમાં લગભગ ૪ ટકાનો વધારો થયો છે, જેના કારણે ૨ એપ્રિલના રોજ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પારસ્પરિક ટેરિફની જાહેરાત કર્યા પછી સેન્સેક્સને મહિનાના પ્રારંભિક નુકસાનને પુનઃપ્રાપ્ત કરવામાં મદદ મળી છે.ટ્રેડિંગ સપ્તાહના ત્રીજા દિવસે શેરબજાર લીલા નિશાન પર ખુલ્યું હતું. BSE પર સેન્સેક્સ ૧૦૪ પોઈન્ટ ઘટીને ૭૬,૯૩૦.૨૨ પર ખુલ્યો હતો. તે જ સમયે દ્રજીઈ પર નિફ્ટી ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૨૩,૨૯૩.૩૫ પર ખુલ્યો હતો.

### રાહુલ ગાંધી પર ચાર્જશીટ મુદ્દે અખિલેશ યાદવનું નિવેદન

# કોંગ્રેસે જ ED બનાવી અને પોતે જ પરેશાન : અખિલેશ

## ED જેવા વિભાગને ખતમ કરી દેવા જોઈએ : અખિલેશ

ભુવનેશ્વર, તા.૧૬

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે રાહુલ અને સોનિયા ગાંધી સંબંધિત ચાર્જશીટ કેસ પર નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું, કોંગ્રેસે ED બનાવ્યું હતું અને આજે EDના કારણે તેઓ જ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ED જેવા વિભાગને ખતમ કરી દેવા જોઈએ ઓડિશાના ભુવનેશ્વર ખાતે પહોંચેલા અખિલેશ યાદવે કહ્યું કે, આમ તો હું ઘણીવાર ઓડિશા આવી ચૂક્યો છું, પરંતુ હમણાં ઘણા સમય પછી આવવાનું થયું છે. સમાજવાદી પાર્ટીની કોશિશ છે કે, ઓડિશામાં પાર્ટી બને અને તેને આગળ વધારવામાં આવે.

અખિલેશ યાદવે બુધવારે ઈટાવાના ચંબલના કોતરોમાં મોટા પાયે ગેરકાયદેસર ખાણકામ અને પર્યાવરણીય વિનાશનો આરોપ લગાવ્યો હતો. તેમણે ઉત્તર પ્રદેશ સરકારના અધિકારીઓ પર આખે આખા પહાડો ગાયબ કરવામાં મદદ કરવાનો આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર કડક શબ્દોમાં લખવામાં આવેલી પોસ્ટમાં યાદવે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, શું ઈટાવામાં સુમેર સિંહ કિલ્લા નજીકના નાના- મોટા પહાડો શું નાના- મોટા અધિકારીઓ સાથે બસ્તી- ગોરખપુરમાં ટ્રાન્સફર કરી દીધા છે?

અખિલેશ યાદવે વધુમાં કહ્યું કે, નવા અધિકારીઓ આવશે અને જશે, પરંતુ અધિકારીઓની મિલીભગત અને ભ્રષ્ટાચારના પાવડાથી કાપીને ગુમ કરવામાં આવેલા તેમજ ભાગલા પાડીને ગાયબ કરવામાં આવેલા ચંબલના કોતરોના પહાડો કેવી રીતે પાછા આવશે?

### ભાજપ સાથે મળેલા કોંગ્રેસના નેતાઓને દુર કરાશે

# ગુજરાત મહત્વનું અહીં લડવું આસાન નથી : રાહુલ ગાંધી

## કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અરવલ્લી જિલ્લાના મોડાસામાં કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો

મોડાસા, તા.૧૬

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બે દિવસની ગુજરાત મુલાકાતે છે, ગઈકાલે અમદાવાદ પ્રદેશ કાર્યાલયમાં કાર્યકરો અને નેતાઓ સાથે બેઠક કર્યા બાદ સંગઠનને મજબૂત બનાવવા રણનીતિ બનાવી હતી. હવે આજે અરવલ્લી જિલ્લાના મોડાસામાં કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદમાં રાહુલ ગાંધીએ ગુજરાતમાં કોંગ્રેસ સંગઠન અને માળખાને નવેસરથી મજબૂત રીતે ઉભુ કરવા પર ભાર મુક્યો હતો. મોડાસામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, જિલ્લા સ્તરનું સંગઠન મજબૂત કરવામાં આવશે, તેમને આ કામગીરીમાં જિલ્લા પ્રમુખો અને MLA-MP સુધીના નેતાઓના કામ વિશે વાત કરી હતી. ગુજરાત કોંગ્રેસના નવસર્જન માટે રાહુલ ગાંધી આજે ગુજરાતમાં ફરી એકવાર ધામા નાંખ્યા છે, AICC- પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકો સાથે બેઠક કરીને સંગઠનનું નવસર્જન કરવા પર ચર્ચા વિચારણા કરાઈ રહી છે. ખાસ વાત છે કે, છ દિવસમાં રાહુલ ગાંધીની આ બીજીવારની ગુજરાત મુલાકાત છે.

આજે ગુજરાત મુલાકાતના બીજા દિવસે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસામાં પહોંચ્યા હતા, અહીં તેમને કાર્યકરો અને નેતાઓ સાથે બેઠક કરીને સંબોધન કર્યુ હતુ, તેમને પોતાના સંબોધનમાં જણાવ્યું કે, જિલ્લા સ્તરનું સંગઠન મજબૂત કરવામાં આવુશે. જિલ્લા પ્રમુખો સેટિંગબાજ નહીં હોય, MLA- MP બની જનારા સંગઠન સાથે જોડાયેલા રહેશે. રેસના ઘોડાઓને જ રેસમાં ઉતારાશે. રાહુલે આ દરમિયાન ગુજરાતને કોંગ્રેસ માટે સૌથી મહત્વનું રાજ્ય ગણાવ્યું હતુ. ગુજરાતમાં કોંગ્રેસ લડશે અને જીતશે. રાહુલે જણાવ્યું કે, ઉપરથી કોઈ નેતાઓના આદેશો નહીં આવે. હવે મનમરજી ઉમેદવારોને નેતાઓના આશીર્વાદથી નહીં ઉભા રખાય. સીનિયર બનીને ફરતા નેતાઓ પર અંકુશ આવશે. જેની પકડ બૂથ સાથે હશે તે જ નેતા હશે. જેઓ જનતાની સમસ્યા ઉઠાવશે તેમને પાવર અપાશે. ગુજરાતમાં કોંગ્રેસ માટે લડવું આસાન કામ નથી. આખા દેશમાં સૌથી વધુ સહન ગુજરાતના કાર્યકરોએ કરવું પડે છે. કોંગ્રેસ માટે લડનારા નેતાઓનો દિલથી આભાર છે. ગુજરાતમાં જ્યાં પણ મારી જરૂર હશે ત્યાં હું હાજર રહીશે. નવી પેઢીને કોંગ્રેસ સાથે જોડવી છે. જનતા માટે લડનારા કાર્યકરોને તક અપાશે. આજે પણ કોંગ્રેસના કેટલાક નેતાઓ ભાજપ સાથે મળેલા છે. ભાજપ સાથે મળેલા નેતાઓને પક્ષમાંથી દૂર કરાશે.

### મમતા બેનર્જીનું મોટું એલાન; ઈમામો સાથે બેઠક કરી

# બીજેપી સરકાર હટતા જ વક્ફ કાયદો રદ કરી દઈશું

## મમતા બેનરજીએ કહ્યું કે બંગાળને બદનામ કરવામાં આવી રહ્યું છે, જ્યાં હિંસા થઈ, ત્યાં કોંગ્રેસની બેઠક છે

કોલકાતા, તા. ૧૬

વક્ફ કાયદા વિરુદ્ધ શેરીઓથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી લડાઈ ચાલી રહી છે. મમતા બેનર્જીના પશ્ચિમ બંગાળમાં સૌથી મોટો સંઘર્ષ જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ વક્ફ એક્ટ સામે મોરચો ખોલ્યો છે. સીએમ મમતા આજે કોલકાતાના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમ પહોંચ્યા જ્યાં તેમણે મુસ્લિમ ધાર્મિક નેતાઓ અને ઈમામોને મળ્યા.

આ દરમિયાન તેમણે વક્ફ કાયદા અંગે ઈમામોને સંબોધ્યા. મમતાએ કહ્યું કે બંગાળને બદનામ કરવામાં આવી રહ્યું છે. જ્યાં હિંસા થઈ, ત્યાં કોંગ્રેસની બેઠક છે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી સત્તા પરથી હટતાંની સાથે જ વક્ફ સુધારો કાયદો રદ કરવામાં આવશે.

મમતા બેનર્જીએ કહ્યું કે યુપી અને બિહારના વીડિયો બતાવીને બંગાળને બદનામ કરવામાં આવી રહ્યું છે. ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે. ભાજપ ખોટા વીડિયો બતાવીને બદનામ કરી રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે સરહદ સુરક્ષા બીએસએફની જવાબદારી છે. જો તમારે બંગાળ વિશે વાત કરવી હોય તો મારી સામે બોલો. બંગાળને બદનામ કરવા માટે બનાવટી મીડિયા રિપોર્ટ્સ અમે પકડી પાડ્યા છે. હું બધા ઈમામો અને પુરોહિતોનો આદર કરું છું. અમે રવીન્દ્રનાથ ટાગોરની વિચારધારામાં માનીએ છીએ. બંગાળમાં હિંસા ભડકાવવાના ભાજપના કાવતરામાં ન પડો.

મમતાએ વક્ફ કાયદા અંગે ભવિષ્યની રણનીતિ અંગે ચર્ચા કરવા માટે ઈમામો સાથે બેઠક યોજી હતી, જેમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રમુખ સૈફુલ્લાહ રહેમાની, AIMPLBના મહાસચિવ ફઝલુર રહીમ મુજદ્દીદી અને કોલકાતાના મેયર ફિરહાદ હકીમ સહિત ઘણા મુસ્લિમ ધાર્મિક નેતાઓ અને ઈમામો હાજર રહ્યા હતા. પશ્ચિમ બંગાળમાં વક્ફ કાયદા વિરુદ્ધ મોટા પાયે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આ અંગે મુસ્લિમ સમુદાયના લોકો રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હકીકતમાં, મુસ્લિમ સમુદાય વક્ફને શરિયાનો ભાગ ગણાવી રહ્યો છે અને તેથી તેમાં કોઈ દખલગીરી સ્વીકારી રહ્યો નથી. ઉલ્લેખનીય છે કે મમતા બેનર્જીની પાર્ટીએ સંસદમાં પણ આ બિલનો વિરોધ કર્યો હતો અને જ્યારે બિલ પસાર થયું અને રાષ્ટ્રપતિની મંજૂરી મળી, ત્યારે મમતા બેનર્જીએ કહ્યું હતું કે તેઓ આ કાયદાને પશ્ચિમ બંગાળમાં લાગુ થવા દેશે નહીં. મમતા બેનર્જીની પાર્ટીના સાંસદ મહુઆ મોઈત્રા નવા કાયદા સામે સુપ્રીમ કોર્ટ પહોંચી ગયા છે.

# મુર્શિદાબાદની નાની હિંસાને મોટું રૂપ અપાયું : મમતા બેનરજી

## મુર્શિદાબાદમાં નાની-મોટી હિંસા, વક્ફની જમીન પર રહે છે હિન્દુઓઃ ઈમામ સંમેલનમાં મમતા બેનરજીનું નિવેદન

કોલકાતા, તા.૧૬

પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનરજીએ કોલકાતામાં વક્ફ કાયદા મુદ્દે વિશાળ ઈમામ સંમેલનનું આયોજન કર્યું હતું. જેમાં વક્ફ કાયદાનો વિરોધ કરવાની સાથે નાયડૂ અને નીતિશ કુમાર પર આકરા પ્રહારો કર્યા હતા. વક્ફની જમીન પર હિન્દુઓ પર રહેતાં હોવાનું નિવેદન આપતાં મુર્શિદાબાદમાં થયેલી હિંસાને વધારી-ચડાવીને લોકો સમક્ષ રજૂ કરવામાં આવી હોવાનો આક્ષેપ પણ મૂક્યો હતો.

મમતા બેનરજીએ જણાવ્યું કે, હિન્દુઓએ સામાજિક કલ્યાણ માટે વક્ફને સંપત્તિ દાન કરી હતી. આજે અનેક સ્થળો પર વક્ફ સંપત્તિઓ પર હિન્દુ પરિવાર વસી રહ્યા છે. ભાજપે સ્ટેટ વક્ફ બોર્ડ તોડવા અને તેનું નિયંત્રણ પોતાના હાથમાં લીધુ છે. દેશમાં તમારી પાસે સંપૂર્ણ બહુમત નથી. તેમ છતાં તમે પોતાનું વર્ચસ્વ જમાવી રહ્યા છે.

મમતા બેનરજીએ જણાવ્યું કે, તૃણમુલ કોંગ્રેસ વક્ફ હિંસા માટે જવાબદાર હોત તો અમારા નેતાઓના ઘર પર હુમલાઓ ન થયા હોત. મુર્શિદાબાદ જિલ્લાના અમુક વિસ્તારોમાં વક્ફ કાયદા મુદ્દે થોડીઘણી અશાંતિ ફેલાઈ હતી. પરંતુ તેને તોડી-મરોડી મોટું રૂપ અપાઈ રહ્યું છે. ખોટી અફવાઓ ફેલાવી પક્ષને બદનામ કરવામાં આવી રહ્યો છે. અમુક રિપોર્ટ આવ્યા કે, મુર્શિદાબાદમાં હિંસા સીમા પાર (બાંગ્લાદેશી)ના અમુક અસામાજિક તત્વોએ કરી છે. જો આ વાતને માની લઈએ તો બીએસએફની સેના સરહદ પર શું કરે છે?

મમતાએ આગળ કહ્યું કે, અમુક મીડિયા હાઉસની ભાજપ સાથે સાઠગાંઠ છે. તેઓ બંગાળને બદનામ કરવા માટે અન્ય રાજ્યોની હિંસાના વીડિયો પણ મુર્શિદાબાદના હોવાનું કહી પ્રસારિત કરી રહ્યા છે. તેમજ ખોટા આક્ષેપો થઈ રહ્યા છે કે, વિપક્ષ જાણી જોઈને વક્ફ કાયદાના વિરોધની આડમાં કોમી હિંસા ફેલાવી રહ્યું છે.ઝસ મમતા બેનરજીએ અગાઉ જાહેરાત કરી હતી કે, તે રાજ્યમાં વક્ફનો સંશોધિત કાયદો લાગુ થવા દેશે નહીં. તેમજ કેન્દ્ર સરકાર સમક્ષ તેમાં ફેરફાર કરવાની અપીલ કરશે. ચંદ્રબાબુ નાયડૂ અને નીતિશ કુમાર વક્ફના નવા કાયદાને સમર્થન આપી રહ્યા છે. બંને દિગ્ગજો ચૂપ છે. તેઓ સત્તા માટે તમારા બધાનો ભોગ લઈ શકે છે.

### તેમના ઘરે ૮ વર્ષે પારણું બંધાયું

# ભૂતપૂર્વ ક્રિકેટર ઝહીર ખાન અને સાગરિકા ઘાટગેના ઘરે પારણું બંધાયું

## સાગરિકા ઘાટગેએ પુત્રને જન્મ આપ્યો છે અને તેમણે પોતાના દીકરાનું નામ પણ રિવીલ કર્યું છે

નવી દિલ્હી, તા.૧૬

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ક્રિકેટર ઝહીર ખાન અને સાગરિકા ઘાટગેએ ચાહકો સાથે ગૂડ ન્યુઝ શેર કરી છે. ઝહીર ખાન અને સાગરિકા ઘાટગેના ઘરે ૮ વર્ષે પારણું બંધાયું છે. બંને માતા-પિતા બની ગયા છે અને તેમણે બાળક સાથેના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. સાગરિકા ઘાટગેએ પુત્રને જન્મ આપ્યો છે અને તેમણે પોતાના દીકરાનું નામ પણ રિવીલ કર્યું છે. પહેલા ફોટામાં તમે જોઈ શકો છો કે ઝહીરે બાળકને ખોળામાં લીધું છે અને સાગરિકા ઝહીરને ગળે લગાવી રહી છે.

બીજા ફોટામાં સાગરિકા અને ઝહીરે બાળકનો હાથ પકડ્યો છે. સાગરિકાએ ફોટોઝ શેર કરતા લખ્યું કે, 'પ્રેમ અને ભગવાનના આશીર્વાદ સાથે અમે અમારા પુત્ર ફતેહસિંહ ખાનનું સ્વાગત કરીએ છીએ.'

સાગરિકાએ આ પોસ્ટ શેર કરતાની સાથે જ ચાહકોથી લઈને સેલેબ્સ સુધી દરેક વ્યક્તિ બંનેને અભિનંદન પાઠવી રહ્યા છે અને બાળક પર ખૂબ પ્રેમ વરસાવી રહ્યા છે. તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા સાગરિકાના પ્રેગ્નન્સીના સમાચાર પણ આવ્યા હતા, જોકે એક્ટ્રેસે તેના પર કોઈ પ્રતિક્રિયા નહોતી આપી.

થોડા વર્ષોના રિલેશનશિપ બાદ ઝહીર અને સાગરિકાએ ૨૦૧૭માં લગ્ન કર્યા. લગ્ન ખૂબ જ પ્રાઈવેટ રીતે થયા હતા, પરંતુ બાદમાં બંનેએ મુંબઈમાં ગ્રાન્ડ રિસેપ્શન આપ્યું હતું. ઝહીરે એક ઈન્ટરવ્યુમાં બંનેની લવસ્ટોરી અંગે જણાવ્યું હતું, અમારા બે માંથી કોઈ એકે તો લીડ લેવાની હતી, તેથી મેં આ નિર્ણય લીધો. અમે પહેલા બધાની સાથે મળતા અને એકબીજા સાથે એન્જોય કરતા હતા, પણ મને નહોતી ખબર કે તે મને પસંદ કરે છે કે નહીં. ત્યારબાદ મેં સાગરિકાને કહ્યું કે હું તને ડિનર પર લઈ જવા માંગુ છું, પણ માત્ર તું અને હું, બીજું કોઈ નહીં. પહેલા તો સાગરિકાને લાગ્યું કે હું મજાક કરી રહ્યો છું. પણ પછી તેમને ખ્યાલ આવ્યો કે હું સીરિયસ છું. અમને બંનેને લાગ્યું કે અમારી વચ્ચે કંઈક છે પણ ક્યારેય કંઈ બોલ્યા નહીં. અમે બંનેએ અમારી ફિલિંગ્સ શેર કરવા માટે પોત-પાતાનો ટાઈમ લીધો.

### ફોર્મમાં ન હોવું તે ગુનો નથી

# રોહિતનું ફોર્મ મુંબઈને આઇપીએલમાં સ્થિર થવા દેતું નથીઃ અંજુમ ચોપરા

## આ આઈપીએલમાં મુંબઈની ટીમના ભૂતપુર્વ સુકાની રોહિત શર્માનું યોગદાન ખાસ યાદગાર રહ્યું નથી

મુંબઈ, તા.૧૬

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં (આઈપીએલ)માં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે રવિવારે દિલ્હી કેપિટલ્સ સામે વિજય નોંધાવ્યો પરંતુ તેમ છતાં મુંબઈની ટીમ તેની પ્રતિષ્ઠા મુજબનું પ્રદર્શન કરી રહી નથી. આ માટે ભારતની ભૂતપૂર્વ મહિલા ક્રિકેટર અને કેપ્ટન અંજુમ ચોપરાનું માનવું છે કે રોહિતના કંગાળ ફોર્મને કારણે આ ટી૨૦ ક્રિકેટ લીગમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ હજી સુધી સેટ થઈ શકી નથી. વર્તમાન આપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સ હજી સુધી માત્ર બે જ મેચ જીતી શકી છે. તેમાં ૩૧મી માર્ચે કોલકાતા નાઈટ રાઈડર્સ અને બે દિવસ અગાઉ દિલ્હી કેપિટલ્સ સામેની સફળતાનો સમાવેશ થાય છે. આ દરમિયાન મુંબઈની ટીમના ભૂતપુર્વ સુકાની રોહિત શર્માનું યોગદાન ખાસ યાદગાર રહ્યું નથી. તેણે અત્યાર સુધીમાં ૦,૮,૧૩, ૧૭ અને ૧૮ રનના કંગાળ સ્કોર રજૂ કર્યા છે.મુંબઈ હાલમાં ચાર પરાજય અને બે વિજય સાથે પોઈન્ટ ટેબલમાં સાતમા ક્રમે છે. ભૂતપૂર્વ ક્રિકેટર અને હાલમાં ટીવી કોમેન્ટેટર અંજુમ ચોપરાએ જણાવ્યું હતું કે તમે ફોર્મવિહોણા હોઈ રહી છો. ફોર્મમાં ન હોવું તે કોઈ ગુનો નથી. મૂળ વાત એ છે કે તમારા ફોર્મથી મુંબઈ ઈન્ડિયન્સને કોઈ મદદ મળતી નથી. આ જ કારણે મુંબઈ ઈન્ડિયન્સ જરૂરી એવો પ્રારંભ કરી શકી નથી અને હાલમાં કંગાળ સ્થિતિમાં છે. અંજુમ ચોપરાએ એવું સૂચન કર્યું હતું કે જો રોહિતની પ્રતિષ્ઠિત ઓપનરની પોઝિશન યોગ્ય વળતર આપી શકતી ન હોય તો નવા ઉપાય તરીકે ટીમ તેને નીચેના ક્રમે ઉતારવાની વિચારણા કરતી થઈ જશે. મારો કહેવાનો અર્થ એ છે કે ટીમ પાસે વિકલ્પ છે. તેઓ હંમેશાં રોહિતને ઉતરતા ક્રમે મોકલવાનો વિકલ્પ વિચારી શકે છે અથવા તો અન્ય કોઈ વિકલ્પનો ઉપયોગ નહીં કરવાનું વિચારશે.

# અમરેલીનાં ગૌરક્ષક સમિતિનાં પ્રમુખ તરીકે એલ.એ. ચાવડાની નિમણુંક

અમરેલી, તા. ૧૬

ગુજરાતમાં ગૌરક્ષકોની તાતી જરૂરીયાત હોય તેથી ગુજરાત રાજયમાંથી પોતાના પ્રાણની આહુતિ આપીને પણ ગૌરક્ષાનું કાર્ય કરે તેવા હિંમતવાન ગૌરક્ષકોની નિમણૂંક અખિલ ભારતીય સર્વદલિત ગૌરક્ષામહા અભિયાન સમિતિ કિશાન મંડળ દીલ્હીના ગુજરાત પ્રદેશ સંગઠનમંત્રી અને રાજયના ઉપાધ્યક્ષ બોટાદના સામતભાઈ જેબલીયા ધ્વારા ગૌરક્ષકોને વિનામૂલ્યે નિમણૂંક પત્ર આપવામાં આવી રહ્યા છે.

જે અંતર્ગત અમરેલીમાં રહેતા નિવૃત પીએસઆઈ એલ. એ. ચાવડાને અમરેલી શહેર પ્રમુખ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. વરણીને અમરેલી રહેતા અને વર્ષોથી આ ગૌરક્ષા સમિતિના સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ અને અમરેલી રહેતા દડુભાઈ વાળા પણ ગૌરક્ષામાં મહામંત્રી તરીકે સેવા આપતા આ બન્ને મહાનુભાવોએ પણ લાલજીભાઈ ચાવડાની વરણીને આવકારી ને શુભકામના પાઠવેલ અને અમરેલી શહેરમાં કોઈ પણ જગ્યાએ અબોલ ગૌવંશની હત્યા કે કતલ માટે ગૌવંશની હેરફેર થતી હોય અથવા



ગૌમાંસનો વેપાર થતો હોવાની જાણ હોય તો ડો.બાવળીયાના મો.૯૪૨૬૪ ૨૧૬૨૨ તથા મહામંત્રી દડુભાઈ વાળાના મો.૯૯૨૪૩૯૫૪૫૯ ઉપર તથા લાલજીભાઈ ચાવડાના મો. ૯૬૦૧૫ ૦૯૦૬૫માં ફોન કરવો અને ગુજરાત રાજયમાંથી કોઈ જીવદયા પ્રેમીઓએ આ ગૌરક્ષા સમિતિમાં વિનામૂલ્યે જોડાવા અને કોઈ જગ્યાએથી ગૌવંશની કતલ માટે હેરફેર થતી હોય અબોલ પશુ ગૌવંશની હત્યા અથવા ગૌવંશના માંસ મટનનો વેપાર થતો હોય તો બોટાદના ગૌરક્ષકના મોબાઈલ ૯૮૨૪૩ ૯૦૧૩૩ ઉપર ફોન કરવો ફોન કરનાર બાતમીદાર ચાહે તો નામ ગુપ્ત રાખવામાં આવશે. તેમ ગૌરક્ષક સામતભાઈ જેબલીયાની યાદીમાં જણાવાયું છે.

### કહ્યું- માત્ર ચૂંટણી પૂરતા જ સાથે છીએ

# ભાજપ-AIADMKના ગઠબંધનમાં ચાર જ દિવસમાં તિરાડ પડી

## બંને પાર્ટીઓનું ગઠબંધન માત્ર ચૂંટણી માટે છે અને તેઓ ગઠબંધન સરકાર બનાવશે નહીં : ઈ.કે.પલાનીસ્વામી

નવી દિલ્હી, તા.૧૬

અન્નાદ્રમુક (AIADMK) અને ભાજપ વચ્ચે ચાર દિવસ પહેલા ગઠબંધન થયું હતું. ગયા અઠવાડિયે બંને પક્ષોએ ૨૦૨૬ની તમિલનાડુ ચૂંટણી માટે હાથ મિલાવ્યા હતા, પરંતુ અન્નાદ્રમુકના નેતા ઈ. કે.પલાનીસ્વામીના તાજેતરના નિવેદનથી ગઠબંધનમાં તિરાડ પડી રહી હોય તેવું લાગી રહ્યું છે. તેમણે કહ્યું કે, બંને પાર્ટીઓનું ગઠબંધન માત્ર ચૂંટણી માટે છે અને તેઓ ગઠબંધન સરકાર બનાવશે નહીં. તેમના નિવેદનથી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે અને ભાજપની પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે. પલાનીસ્વામીના નિવેદ પરથી લાગી રહ્યું છે કે, તેમનો પક્ષ ગઠબંધન સરકાર સ્વીકારશે નહીં. તેમનું કહેવું છે કે, ભાજપ સાથે માત્ર ચૂંટણી માટે ગઠબંધન કરાયું છે. પાલનાસ્વામીનું આ નિવેદન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની વિરુદ્ધ છે. અમિત શાહે ગયા અઠવાડિયે બંને પાર્ટીના ગઠબંધનની જાહેરાત કરતી વખતે કહ્યું હતું કે, બંને પક્ષો સાથે મળીને અને દ્રહ્ઠછ હેઠળ ચૂંટણી લડશે. એઆઈએડીએમકે, ભાજપ અને તમામ ગઠબંધનના સાથી પક્ષોએ એનડીએ તરીકે સાથે મળીને તમિલનાડુમાં આગામી વિધાનસભા ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. કેટલાક અન્નાદ્રમુક નેતાઓ ભાજપ સાથેના ગઠબંધનથી નાખુશ છે. આનું કારણ એ છે કે, છેલ્લી ત્રણ મોટી ચૂંટણીઓમાં ભાજપે નબળું પ્રદર્શન કર્યું હતું અને પાર્ટીએ વિધાનસભા ચૂંટણી-૨૦૧૯ અને લોકસભા ચૂંટણી- ૨૦૨૧ અને ૨૦૨૪માં હારનો સામનો કરવો પડ્યો હતો. ૨૦૨૧માં AIADMKએ ભાજપ સાથે ગઠબંધન કરીને ૭૫ બેઠકો જીતી હતી, જે અગાઉની ચૂંટણી કરતા ૧૩૬ બેઠકો ઓછી હતી. ડીએમકે અને કોંગ્રેસે તેમને સત્તા પરથી દૂર કર્યા હતા. AIADMKએ ૨૦૧૯ અને ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં પણ ખરાબ પ્રદર્શન કર્યું. તેમણે અનુક્રમે ૨૦૧૯માં ૨૦ અને ૨૦૨૪માં ૩૪ બેઠકો પર ચૂંટણી લડી, પરંતુ માત્ર એક જ બેઠક જીતી શક્યા હતા. આ બે ચૂંટણીઓમાં ભાજપે ૨૮ બેઠકો પર ચૂંટણી લડી, પરંતુ એકપણ બેઠક જીતી શકી નથી.

### સરકારના નવા સુધારાના કારણે લોકોની ચિંતા વધી

# મહાનગરો અને મોટા શહેરોમાં ફ્લેટ અને મકાનો મોંઘા થયા

## નવો ફ્લેટ ખરીદતી વખતે ૫૦,૦૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી પડે છે, તો આવી સ્થિતિમાં તેમને ૨ લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની ફરજ પડશે

અમદાવાદ,તા.૧૬

છેલ્લા કેટલાક મહિનાઓમાં રિયલ એસ્ટેટ વ્યવસાયમાં જબરદસ્ત તેજી આવી છે. આ કારણે, ગુજરાતના અમદાવાદ અને રાજધાની દિલ્હી-એનસીઆર સહિત દેશના ઘણા મહાનગરો અને મોટા શહેરોમાં ફ્લેટ અને મકાનો મોંઘા થયા છે. આ વર્ષે અમદાવાદમાં મકાનો અને ફ્લેટ ખૂબ મોંઘા થયા છે.ગુજરાત સ્ટેમ્પ સુધારા અધિનિયમ ૨૦૨૫ ની કલમ ૩૯ માં કરવામાં આવેલા ફેરફારોને કારણે, ૨૭ એપ્રિલ, ૧૯૮૨ થી ૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ ની વચ્ચે સહકારી મંડળીઓમાં ફ્લેટ ખરીદનારા લોકો અને ૧૨ એપ્રિલ, ૧૯૯૪ થી ૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ ની વચ્ચે નોન-ટ્રેડિંગ એસોસિએશનોને ફાળવવામાં આવેલી જમીન પર બનેલી મિલકતો ખરીદનારા લોકોને હવે તેમની બાકી સ્ટેમ્પ ડ્યુટી પર ચૂકવવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીના ચાર ગણા દંડ ચૂકવવા પડશે. પરિણામે, જો લોકોને નવો ફ્લેટ ખરીદતી વખતે ૫૦,૦૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી પડે છે, તો આવી સ્થિતિમાં તેમને ૨ લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની ફરજ પડશે. અત્યાર સુધી, સ્ટેમ્પ ડ્યુટી ઉપરાંત માત્ર ૨૫૦ રૂપિયાનો દંડ ચૂકવીને ડ્યુટી જવાબદારી દૂર થઈ શકતી ન હતી. નવા સુધારેલા કાયદા મુજબ, માસિક બે ટકા દંડ વસૂલવામાં આવશે.અગાઉ, જો બાંધકામ પછી પહેલી વાર ફ્લેટ વેચવામાં આવે તો તેના પર કોઈ સ્ટેમ્પ ડ્યુટી વસૂલવામાં આવતી ન હતી. આ મકાનો ફક્ત ફાળવણી પત્ર પર જ આપવામાં આવતા હતા. પરંતુ જેમણે ૧૯૮૨માં ફાળવણી પત્ર પર ફ્લેટ કે મિલકત ખરીદી હતી તેમને ૨૦૨૨ સુધી કોઈ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની રહેશે નહીં.

વર્ષ ૨૦૨૨માં, સરકારે અચાનક એક પરિપત્ર બહાર પાડીને ૨૭ એપ્રિલ ૧૯૮૨ થી ૧ સપ્ટેમ્બર ૨૦૦૧ વચ્ચે ફાળવણી પત્રો પર મિલકત વસૂલવાનો નિર્ણય લીધો. તેથી, જ્યારે જૂના ફ્લેટ માટે સોદો કરવામાં આવે છે, ત્યારે આજના દરે લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટી વ્યવહારની રકમના આધારે ચૂકવવાની રહેશે. આ ઉપરાંત, ફાળવણી પત્ર પર લેવામાં આવેલા ફ્લેટની તે સમયની પ્રવર્તમાન કિંમત મુજબ સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પરિણામે, ૧૯૮૨ થી ૨૦૦૧ દરમિયાન ફ્લેટ ભાડે રાખનારા લોકોને ભારે ખર્ચનો બોજ સહન કરવો પડે છે. ફ્લેટની કિંમત અને કદ પ્રમાણે સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવા ઉપરાંત, હવે તેમને તેના પર ૩૦૦ ટકા દંડ ચૂકવવો પડશે. સુધારેલા કાયદા દ્વારા, ૨૦૨૫ માં તે બાકી રકમ પર દર મહિને બે ટકા દંડ લાદવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. પરિણામે, સામાન્ય લોકો પર મોટો બોજ પડશે. જો ફાળવણી પત્ર પર ખરીદેલી મિલકત પર બાકી સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં ન આવે, તો પછી જો તે ફ્લેટ વેચવામાં આવે તો પણ તેના પર નવી સ્ટેમ્પ ડ્યુટી લાદીને તેની નોંધણી કરવામાં આવતી નથી.

### ભાજપના ગઢ ગુજરાતમાં ગર્જ્યા રાહુલ ગાંધી

# માત્ર કોંગ્રેસ જ RSS અને ભાજપને હરાવી શકે છે

## રાહુલ ગાંધીએ RSS અને લગભગ ૩૦ વર્ષથી રાજ્યમાં સત્તા પર રહેલ BJPને હરાવવાનો તેમની પાર્ટીનો સંકલ્પ વ્યક્ત કર્યો

મોડાસા, તા.૧૬

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે દાવો કર્યો કે, માત્ર કોંગ્રેસ જ ભાજપ અને આરએસએસને હરાવી શકે છે. એક સપ્તાહની અંદર રાહુલની બીજી ગુજરાત મુલાકાત દરમિયાન તેમણે આ વાત કહી હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે, પાર્ટીના કાર્યકર્તાઓ ભલે નિરાશ દેખાઈ રહ્યા છે, પરંતુ માત્ર તેમની જ પાર્ટી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને ભાજપને હરાવી શકે છે. રાહુલ ગાંધી અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં બૂથ સ્તરના કોંગ્રેસના કાર્યકર્તાને સંબોધિત કરી રહ્યા હતા.

રાહુલ ગાંધીએ RSS અને લગભગ ૩૦ વર્ષથી રાજ્યમાં સત્તા પર રહેલ BJPને હરાવવાનો તેમની પાર્ટીનો સંકલ્પ વ્યકત કર્યો હતો. તેમણે ગુજરાતને કોંગ્રેસ માટે સૌથી મહત્વપૂર્ણ રાજ્ય ગણાવ્યું, જ્યાં પાર્ટી એક સમયે શક્તિશાળી રાજકીય દળ હતી. રાહુલ ગાંધી ગુજરાતમાં સંગઠનને નવું રૂપ આપવાના કોંગ્રેસના પ્રયાસોના ભાગરૂપે જિલ્લા એકમોને મજબૂત કરવા માટેની પ્રાયોગિક યોજના શરૂ કર્યા પછી કોંગ્રેસના કાર્યકરોને સંબોધિત કરી રહ્યા હતા. ગુજરાતમાં ૨૦૨૭ના અંતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. રાહુલ ગાંધીએ જનસભાને સંબોધન કરતા કહ્યું કે, "કોંગ્રેસ પાર્ટી માટે ગુજરાત સૌથી મહત્વપૂર્ણ રાજ્ય છે. આપણે ગુજરાતમાં નિરાશ દેખાઈ રહ્યા છીએ, પરંતુ આપણે તેમને (ભાજપ) રાજ્યમાં હરાવીશું. હું તમને કહેવા આવ્યો છું કે, તે મુશ્કેલ નથી. આપણે આ કાર્ય ચોક્કસપણે પૂર્ણ કરીશું. માત્ર કોંગ્રેસ પાર્ટી જ RSS અને ભાજપને હરાવી શકે છે."

નોંધનીય છે કે, કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓએ 'નેશનલ હેરાલ્ડ' કેસમાં ઈડ્ઢ દ્વારા પાર્ટીના ટોપના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવાના વિરોધમાં બુધવારે દેશભરમાં ઈડ્ઢ કાર્યાલયોમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પાર્ટીના નેતાઓએ ઈડ્ઢના આ પગલાને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યું. કોંગ્રેસના મહાસચિવ સચિન પાયલટે આરોપ લગાવ્યો કે, આ બધો રાજકીય પ્રેરિત મામલો છે. તેમણે સંવાદદાતાઓને કહ્યું કે, "આ રાજકીય રીતે પ્રેરિત મામલો છે. અમને ન્યાયિક પ્રણાલી પર વિશ્વાસ છે. અમે તેને કાયદાકીય રીતે લડીશું. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને જાણી જોઈને નિશાન બનાવવામાં આવ્યા છે." પાયલટે કહ્યું કે, આ બધું વિપક્ષના અવાજને દબાવવા માટે કરવામાં આવ્યું છે.

પાર્ટીના મીડિયા સેલના પ્રમુખ પવન ખેરાએ દાવો કર્યો કે, "નેશનલ હેરાલ્ડ, ગાંધી પરિવાર અને કોંગ્રેસ પાર્ટીથી ૧૯૪૭ પહેલા અંગ્રેજો ચિઢાતા હતા. આજે ૨૦૨૫માં ઈજીજીના લોકો ચિઢાય છે." તેમણે કહ્યું કે, ગાંધી પરિવાર અને કોંગ્રેસ પાર્ટી ત્યારે પણ દલિતનો અવાજ હતો અને આજે પણ છે. ખેડાએ કહ્યું કે, "જે નોન-પ્રોફિટ કંપનીમાં એક રૂપિયાની પણ લેવડ-દેવજ નથી થઈ, કોઈ સંપત્તિ ટ્રાન્સફર કરવામાં નથી આવી, તેના પર મની લોન્ડરિંગનો કેસ દાખલ કરવો મોદીનો ડર દર્શાવે છે." ઈડીએ નેશનલ હેરાલ્ડ કેસમાં મની લોન્ડરિંગના આરોપમાં કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકો સામે ચાર્જશીટ દાખલ કરી છે.

# અમરેલી : ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતી નિમિત્તે બી.આર.સી. ભવન દ્વારા વિવિધ સ્પર્ધા યોજાઈ



૧૪મી એપ્રીલ એટલે કે ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે અમરેલી બી.આર.સી. ભવન દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતુ. મહામાનવ, ભારત દેશના પ્રથમ કાયદા પ્રધાન, મહિલાઓના મુકિતદાતા, ધ સિમ્બોલ ઓફ નોલેજ ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરે સમાજ સુધારાના અનેક કાર્યો કર્યા છે ત્યારે આજે દરેક સમાજ, દરેક ક્ષેત્ર તેમની જન્મ જયંતિની ઉજવણી કરે છે, તેમણે કરેલા કાર્યો વીશે બાળકો જાણે, સમજે તે માટે અમરેલી બી.આર.સી. ભવન દ્વારા અમરેલી તાલુકાની તમામ પ્રાથમિક શાળાના બાળકો માટે વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલ હતુ. અમરેલી તાલુકાની વિવિધ શાળામાંથી આશરે ૯૦ જેટલા બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લઈ ડો. બાબાસાહેબ આંબેડકર, મહાત્મા જોતિરાવ ફુલે, સાવીત્રીબાઈ ફુલે, ભારતના બંધારણ વિશે પોતાના વિચારો રજુ કર્યા હતા. ઉપસ્થિત નિર્ણાયકો દ્વારા બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ વકતવ્ય અને નિબંધ ચકાસી પ્રથમ, દ્વિતિય, તૃતિય નંબર આપેલ હતો. બંને સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય, તૃતિય આવેલ વિદ્યાર્થીઓને મોમેન્ટો અને શૈક્ષણિક કીટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા જયારે ભાગ લેનાર તમામને શૈક્ષણિક કીટ તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ બાળકોને આપવામાં આવેલ કીટ મહાવીર વસ્ત્ર ભંડાર, સ્વયંમ ઈન્ફોટેક, દહિડા શાળાના પૂર્વ આચાર્ય અરવિંદભાઈ મકવાણા, બી.આર.સી. બીપીનભાઈ ગજેરા, સી.આર.સી. રવીભાઈ મહેતા, રજનીભાઈ સોલંકી, દીપકભાઈ વાળા આ તમામ મિત્રો દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમાં અમરેલી નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી ખાસ ઉપસ્થિત રહી બાળકોને માર્ગદર્શન આપ્યુ હતુ. આ તકે કેળવણી નિરિક્ષક શરદભાઈ શ્રીમાળી પણ ઉપસ્થિત રહયા હતા. સાથે સાથે શિક્ષણવિદ રવજીભાઈ કાચા, સોઢાભાઈ, મોરી, દયાબેન ચોવટીયા, અતુલભાઈ બગડા, શિતલબેન દવે, સુરેશભાઈ રાઠોડે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી બી.આર.સી ભવનના સ્ટાફ બીપીનભાઈ ગજેરા, રવીભાઈ મહેતા, શરદભાઈ મકવાણા, રજનીભાઈ સોલંકી, દીપકભાઈ વાળા, નીકુલભાઈ મહેતા, અશોકભાઈ વાળા, સુરેશભાઈ સુખડીયા, અશ્વિનભાઈ ચાવડા, હરેશભાઈ કાલેણા, દમયંતીબેન ભગત, સરસ્વતીબેન પરમાર, નિકુંજભાઈ પંડયા, ધર્મેશભાઈ સિંધવ, રીયાજભાઈ વેરસીયા, હિરેનભાઈ, મમતાબેન, જયસુખભાઈ સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## લાઠીનાં કેરાળા ગામે

નોંધાઈ છે.

તોઆજબનાવમાંસામાપક્ષે પ્રવિણભાઈ ગોબરભાઈ પંચાળા નામના યુવકે પણ સામાવાળા આકાશભાઈ અમકુભાઈ પંચાળા, સંજયભાઈ અમકુભાઈ પંચાળા, અશોકભાઈ અમકુભાઈ પંચાળા તથા અમકુભાઈ ભીખાભાઈ પંચાળા સામે ગાળો આપી, લાકડાનુબટકુલઈ આવીયુવકનામાથાના ભાગેએકઘામારીતથાનિચેપડેલપથ્થરનો એક ઘા મોઢા ઉપર મારી ઈજા કરી તથા ગોપાલનેઅમારીસાથેરમવાનીનાપાડીશ તો જાનથી મારી નાખીશ એમ ધમકી આપ્યાનીસામીફરિયાદનોંધાવીછે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાં ટ્રાફિક સમસ્યા

અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડમાંઓટોરિક્ષાનુંઆડેધડ પાર્કિંગ, અન્ય ખાનગી વાહનોનો ખડકલો, રેંકડીઓ, ફેરિયાઓ તેમજ બસ સ્ટેન્ડમાંથીખુલ્લેઆમટ્રાફિકકર્મીઓની નજરસામેજમુસાફરોનેબેસાડીનેલઈ જાઓ કોઈ ચિંતા કરતું નથી.

અમરેલીજિલ્લામાંશહેરથી લઈને હાઈવે ઉપર પુરપાટ ગતિએ વાહનો ચલાવો, ઓવર લોડિંગ ટ્રક ચલાવો, કયાંય કોઈ તપાસ થતી નથી, સીસીટીવીકેમેરાશોભાનાંગાંઠીયાસમાન બન્યાહોયતેવુંલાગીરહ્યું છે.

અમરેલીશહેરનાંહરિરોડ, લાયબ્રેરી ચોક, નાગનાથ મંદિર આસપાસ, માણેકપરામાંએચડીએફસી બેન્ક નજીક, બસપોર્ટ નજીક, વરસડા રોડ ઉપર હમીરસિંહ સર્કલ નજીક, જિલ્લામધ્યસ્થબેન્કનજીક, માર્કેટયાર્ડ રોડ, રેડકોર્નર ટોકિઝ સહિતનાં વિસ્તારોમાં આડેધડ પાર્ક થતાં વાહન કોઈને નજરે ચડતા નથી.

અમરેલી જિલ્લામાં ટ્રાફિકનીબગડેલીવ્યવસ્થાસુધારવામાટે જવાબદાર વિભાગો ધ્વારા ૧૦ દિવસ સુધી ટ્રાફિક સુધારણા અભિયાન નિષ્ઠાપૂર્વકચલાવવામાંઆવેઅનેતેમાં કોઈ જનપ્રતિનિધિઓ ભલામણ ન કરે તેવી માંગ નાગરિકોમાંથી ઉભી થવા પામીછે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૮૦ | ૧૦૪૭ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૯૦ | ૧૦૬૬ |
| ૩ | શિંગ મોટી | ૮૪૧ | ૧૧૦૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૫૦ | ૧૩૨૯ |
| ૫ | તલ સફેદ | ૧૩૮૦ | ૨૪૨૬ |
| ૬ | તલ કાળા | ૩૯૦૦ | ૫૧૧૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૭૫૧ | ૨૨૨૨ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૪૩ |
| ૯ | જુવાર | ૪૧૨ | ૭૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૬૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૭ | ૫૪૧ |
| ૧૨ | મકાઈ | ૫૩૫ | ૫૩૫ |
| ૧૩ | મગ | ૯૧૦ | ૧૫૯૦ |
| ૧૪ | અડદ | ૮૦૦ | ૧૩૯૦ |
| ૧૫ | ચણા | ૮૮૦ | ૧૧૦૫ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૮૫ | ૧૨૦૦ |
| ૧૭ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૩૨૦ |
| ૧૮ | છોલે ચણા | ૧૦૫૫ | ૧૯૫૦ |
| ૧૯ | તુવેર | ૧૦૪૫ | ૧૪૧૫ |
| ૨૦ | વાલ | ૯૩૦ | ૯૩૦ |
| ૨૧ | કપાસ | ૭૫૦ | ૧૫૨૯ |
| ૨૨ | એરંડા | ૯૧૦ | ૧૧૭૫ |
| ૨૩ | જીરૂ | ૨૨૭૫ | ૪૭૬૦ |
| ૨૪ | રાયડો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨૫ | રાય | ૭૦૦ | ૧૦૨૫ |
| ૨૬ | ધાણા | ૧૧૫૦ | ૧૪૯૫ |
| ૨૭ | ધાણી | ૧૦૬૦ | ૧૯૦૦ |
| ૨૮ | અજમા | ૯૨૦ | ૧૫૦૦ |
| ૨૯ | મેથી | ૬૨૦ | ૧૧૨૫ |
| ૩૦ | સોયાબીન | ૬૦૦ | ૮૩૦ |
| ૩૧ | મરચા લાંબા | ૩૫૦ | ૨૫૦૦ |
| ૩૨ | દેશી મરચા | ૩૨૦ | ૪૦૧૦ |
| ૩૩ | વરીયાળી | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ૩૪ | કાંગ | ૫૨૦ | ૫૨૦ |
| ૩૫ | સુવાદાણા | ૧૧૩૦ | ૧૭૮૫ |

પાના ૧ ઉપરનું ચાલું
## સાવરકુંડલામાં રહેતી પરિણીતાએ

ત્રણેય આરોપીએ અગાઉ નનાભાઈ પુનાભાઈ ચારોલીયાને તેની દીકરી બાબતે ધાક ધમકી આપેલ હતી અને આ ત્રણેય આરોપીની ચડામણીથી વિલાસબેનને તેણીનોપતિમારમારતોહોયતથાશારિરીક તથા માનસિક દુઃખ ત્રાસ આપતા વિલાસબેનથી સહન નહી થતા તમામ આરોપીઓએ તેણીને મરી જવા મજબુર કરતાવિલાસબેનેતેનીસાસરીમાંઝેરીદવા પીઆપઘાતકરીલેતાંતેણીનાપતિ,જેઠતથા કાકાજી સસરા સહિત ચાર સામે પોતાની દીકરી વિલાસબેનને મરી જવા મજબુર કર્યાની નનાભાઈ પુનાભાઈ ચારોલીયાએ પોલીસમાંફરિયાદનોંધાવીછે.

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરાની ઓઈલ ઈન્ડસ્ટ્રીઝમાં

આગ લાગતા મિલની અંદર રાખેલ બારદાન (કોથળા)નો જથ્થો બળીને ખાખ થઈ જતા મિલ માલીક ને ૪૦ હજારનુંઆશરેનુકશાનથયાનુંજણાવ્યું હતું.

મિલમાં આગ લાગતા સ્થાનિકપાણીનોમારોચલાવ્યોહતોપણ કોથળામાં લાગેલ આગ વધુ પ્રસરતા પાલિકાનું ફાયર ફાઈટર તાબડતોબ આવતાએકકલાકનીભારેજહેમતબાદ આગ કાબુમાં આવતા મિલ માલિકે હાશકારોમેળવ્યોહતો.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૧ | ૧૪૫૯ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૩ | જુવાર સફેદ | ૬૬૦ | ૭૫૦ |
| ૪ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૫ | સોયાબીન | ૭૭૬ | ૭૭૬ |
| ૬ | એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૭ | ધાણા | ૧૨૭૧ | ૧૨૭૧ |
| ૮ | જીરૂ | ૪૫૭૫ | ૪૫૭૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૯૫ |
| ૩ | મગફળી | ૯૯૧ | ૧૦૨૯ |
| ૪ | જીરૂ | ૩૮૭૦ | ૪૯૯૦ |
| ૫ | ઘઉં | ૪૬૭ | ૫૬૭ |
| ૬ | ધાણા | ૧૪૩૦ | ૧૫૩૦ |
| ૭ | ચણા | ૧૦૬૦ | ૧૧૦૦ |
| ૮ | તુવેર | ૧૨૬૦ | ૧૩૭૦ |
| ૯ | મેથી | ૯૮૦ | ૧૦૧૦ |
| ૧૦ | એરંડા | ૧૦૫૫ | ૧૧૫૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૪૪ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૧ | ૧૧૧૬ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૨૩ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૮૪૬ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૯૧ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૬૨૫ |
| ૯ | જુવાર | ૮૦૨ | – |
| ૧૦ | અડદ | ૧૨૫૦ | – |
| ૧૧ | ચણા | ૧૦૬૦ | ૧૧૧૬ |
| ૧૨ | દેશી ચણા | ૧૨૩૫ | ૧૩૪૭ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૪ | એરંડી | ૧૧૦૦ | ૧૧૭૪ |
| ૧૫ | મેથી | ૮૦૦ | ૯૩૩ |
| ૧૬ | ધાણા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૧૭ | સોયાબીન | ૭૨૦ | ૮૦૨ |

પાના ૮ ઉપરનું ચાલું
## જાફરાબાદનાં સુપરમાર્કેટની દુકાનો

રાહ જોઈ રહ્યા છે. ? અગાઉ જાફરાબાદમાં ગોઝારી ઘટના ઘટી ગઈ છે. અહીંઘીચોકમાંઆવેલજૂનીઈમારત ધરાશાયી થઈ હતી તેમાં ત્રણ વ્યકિતના અનમોલ જીંદગી જર્જરિત ઈમારતના લીધે ગુમાવી પડી હતી આવી બેદરકારી પછીના સર્જાય તે પહેલાં પાલિકા પણ ઘી ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ વિથ રૂલ્સ એન્ડ નોટીફિકેશન્સ આપેલ કાયદા મુજબ કામગીરી કરવામાં આવશે..?? કે પછી પાલિકા પણ કોઈ દુર્ઘટનાની રાહ જોઈ રહીં છે. ? આ દુકાનના રવેશ કોઈ મોટીઆફત નોતરે તે પહેલાં આ દુકાનના માલિકના ધ્યાન ઉપર કયારે આવશે.? અહીં આવેલ સુપરમાર્કેટની દુકાનના ઉપરના આવેલ રવેશ ઝળબતુ મોત સમાન ભીડભાડ વાળો વિસ્તાર હોય અહીંની દુકાન ઉપરનો રવેશ કોઈ મોટી દુર્ઘટના ઘટે તે પહેલાં પાલિકાના ધ્યાન ઉપર આવશે ? આ સુપરમાર્કેટમાં ઝળબતુ મોત સમાન રવેશ કોઈ મોટી દુર્ઘટના કોઈ ગોઝારી ઘટના ઘટે તે પહેલાં નગરપાલિકા દ્વારા હટાવવાની કટક કાર્યવાહી કરે તેવી અહીંના રહીશો દ્વારા માંગ ઉઠી છે. પાલિકા દ્વારા આવી જર્જરિત ઈમારતો ધ્યાન ઉપર લઈ કડક સુચના આપવામાં આવશે કે પછી હોતા હે ચલતા હે તેવું અપનાવવામાં આવશે? આ બાબતે સ્થાનિક રહીશો દ્વારા અનેકવાર રજૂઆતો કરાઈ છે. પરંતુ કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવી નથી આ બાબતની અહીંથી ચુંટાયેલા સભ્યો પણ આ બાબતની ગંભીરતા ધ્યાને લઈ નાગરિકોની સલામતીની તસ્દી હાથ ઉપર લઈ તાત્કાલિક ધોરણે આ જર્જરિત દુકાનના રવેશને દુર કરવાની તસ્દી લેવામાં આવે તેવી માંગ અહીંના રહીશોમાંથી ઉઠી છે.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ગામ ગમા પીપળીયાની ખેતીની જૂની શરતની જમીન નીચેની વિગતે આવેલ છે.

| માલીકનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી | આકાર |
|---|---|---|---|---|
| ચિમનભાઈ પરશોતમભાઈ ટાંક, રહે. બીલીયાળા | ૮૨૪ | ૨૫૬ પૈકી ૧,પૈકી ૨, | ૦–૮૦–૯૪ | ૪૩૮ |

સદરહુ ખેતીની જમીન ઉપરોકત વિગતે શ્રી ચિમનભાઈ પરશોતમભાઈ ટાંક ની સ્વતંત્ર માલિકી, કબજા અને ભોગવટાની આવેલ છે. જે સદરહું ખેતીની જમીન મારા અસીલ ચૌહાણ અશ્વિનભાઈ ભીખાભાઈ, રે.ઈસાપર વાળાએ ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

સબબ આ નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૧૫ (પંદર)માં સદરહુ ખેતીની જમીન પ્રત્યે જે કોઈનો ગીરો, બોજો, લિયન વારસાઈ હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, બક્ષિસ, વેંચાણ, સાટાખત, હક્ક અધિકાર, ભરણપોષણનો હક્ક, અધિકાર વિગેરે હોય તો લેખિત આધાર પુરાવા સાથે અમોને જાણ કરશો. અગર જો નોટિસ સમય દરમ્યાન કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર આવશે નહી તો જે કોઈનો હક્ક, હિત, હિસ્સો હશે તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુદ્ધિના ખરીદનાર તરીકે વેચાણ વ્યવહારની આગળની કાર્યવાહી કરશે. ત્યારબાદ આવેલ વાંધાઓ મારા અસીલને બંધન કર્તા રહેશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૧૬/૦૪/૨૦૨૫

ઓફીસ, મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.

મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ)


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૩૪ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૯૦ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૭૧ |
| ૫ | મેથી | ૮૯૦ | ૯૪૦ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૭ | મગફળી | ૮૫૦ | ૮૫૦ |
| ૮ | મગ | ૧૩૦૦ | ૧૩૩૫ |
| ૯ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | તુવેર | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | રાય | ૬૦૦ | ૮૩૦ |
| ૧૨ | સોયાબીન | ૬૦૦ | ૮૩૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૬૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૩૫ |
| ૧૫ | ચણા છોલે | ૧૩૦૦ | ૧૫૮૦ |
| ૧૬ | લસણ | ૩૪૦ | ૧૦૦૦ |
| ૧૭ | એરંડી | ૯૫૦ | ૯૫૦ |


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 007

### સંકુલ ઈંગ્લીશ મિડીયમ – ઓછી ફી – સારૂ શિક્ષણ

| | | | |
|---|---|---|---|
| નર્સરી & KG ઈ.મી. | ૬૨૦૦ | ધો. ૧ થી ૫ – ICSE બોર્ડ | ૯૬૦૦ |
| ધો. ૧ થી ૫ – GSEB બોર્ડ | ૮૦૦૦ | ધો. ૬ થી ૮ – ICSE બોર્ડ | ૧૧૬૦૦ |
| ધો. ૬ થી ૮ – GSEB બોર્ડ | ૯૮૦૦ | ધો. ૯ – ૧૦ ICSE બોર્ડ | ૧૩૮૦૦ |
| ધો. ૯ – ૧૦ GSEB બોર્ડ | ૧૧૬૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૬ થી ૮ | ૨૫૮૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ GSEB | ૧૪૬૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૯ થી ૧૨ | ૨૬૬૦૦ |
| ધો. ૧૧–૧૨ સાયંસ GSEB | ૨૭૨૦૦ | હોસ્ટેલ લવાજમ FY થી PG | ૨૮૨૦૦ |


## અવસાન નોંધ

**બાબરાઃ**નટવરલાલનંદલાલમાનસેતા (ઉ.વ. ૭૫) તા. ૧૫/૪/૨૦૨૫ મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે સ્વ. જયસુખભાઈ નંદલાલ માણસેતા (બગસરા) ના નાના ભાઈ તેમજ સ્વ. પ્રવીણભાઈ નંદલાલભાઈ માનસેતા તથા હરેશભાઈ નંદલાલ માનસેતા (રાજકોટ) મોટાભાઈ થાય તેમજ સંજય માનસેતા, કલ્પેશભાઈમાનસેતા તેમજ જયોતિબેન ઠક્કરના પિતાશ્રી તેમજ સ્વ. મનુભાઈ જસરાજભાઈ કારીયા (ભુતનાથ પાન)ના જમાઈ તેમનું બેસણું તારીખ ૧૭/૪/૨૦૨૫ ગુરૂવારનાં રોજ ૪ થી ૫ઃ૩૦ લોહાણા મહાજન વાડી બાબરા ખાતે રાખેલ છે.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ગામ ગમા પીપળીયાની ખેતીની જૂની શરતની જમીન નીચેની વિગતે આવેલ છે.

| માલીકનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી | આકાર |
|---|---|---|---|---|
| દુર્લભજીભાઈ પરશોતમભાઈ ટાંક,રહે. રાજકોટ | ૮૨૦ | ૨૫૬ | ૧–૯૨–૨૩ | ૧૦.૪૩ |

સદરહુ ખેતીની જમીન ઉપરોકત વિગતે શ્રી દુર્લભજીભાઈ પરશોતમભાઈ ટાંક ની સ્વતંત્ર માલિકી, કબજા અને ભોગવટાની આવેલ છે. જે સદરહું ખેતીની જમીન મારા અસીલ ચૌહાણ અશ્વિનભાઈ ભીખાભાઈ, રે.ઈસાપર વાળાએ ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

સબબ આ નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૧૫ (પંદર)માં સદરહુ ખેતીની જમીન પ્રત્યે જે કોઈનો ગીરો, બોજો, લિયન વારસાઈ હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, બક્ષિસ, વેંચાણ, સાટાખત, હક્ક અધિકાર, ભરણપોષણનો હક્ક, અધિકાર વિગેરે હોય તો લેખિત આધાર પુરાવા સાથે અમોને જાણ કરશો. અગર જો નોટિસ સમય દરમ્યાન કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર આવશે નહી તો જે કોઈનો હક્ક, હિત, હિસ્સો હશે તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુદ્ધિના ખરીદનાર તરીકે વેચાણ વ્યવહારની આગળની કાર્યવાહી કરશે. ત્યારબાદ આવેલ વાંધાઓ મારા અસીલને બંધન કર્તા રહેશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૧૬/૦૪/૨૦૨૫

ઓફીસ, મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.

મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ)


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૯૦૨ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૧ | ૨૧૦૮ |
| ૩ | તલ કાળા | ૨૫૧૦ | ૨૫૧૦ |
| ૪ | કપાસ | ૧૨૫૧ | ૧૪૫૫ |
| ૫ | બાજરો | ૫૫૧ | ૫૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| ૭ | જુવાર | ૬૨૬ | ૯૨૬ |
| ૮ | મગ | ૮૦૦ | ૧૮૦૧ |
| ૯ | મઠ | ૧૦૨૧ | ૧૦૨૧ |
| ૧૦ | તુવેર | ૯૨૫ | ૧૨૫૪ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૦૮૫ |
| ૧૨ | રાય | ૯૦૦ | ૯૦૦ |
| ૧૩ | ધાણા | ૧૨૦૦ | ૧૩૦૨ |
| ૧૪ | મેથી | ૮૦૦ | ૧૦૮૦ |
| ૧૫ | વાલ | ૧૫૬૧ | ૧૫૬૧ |
| ૧૬ | એરંડી | ૧૧૩૫ | ૧૧૪૭ |

# ગોપાલગ્રામનાં દરબાર ભોજભાઈ વાળાનું અવસના થતાં આગેવાનોએ શ્રધ્ધાંજલિ પાઠવી






ગોપાલગ્રામના દરબાર ભોજભાઈ બદરૂભાઈ વાળાનું અવસાન થતા આગેવાનોએ શ્રધ્ધાજંલી પાઠવી હતી. ભોજભાઈ પોતાના જીવન કાળમાં ખોટું કર્યું નહીં અને ખોટું સહન કર્યું નહીં. નાનામાં નાના લોકોને માન સન્માન પોતાના જીવનકાળમાં આપ્યું. વર્તમાનમાં તેમના પુત્ર સરપંચ હરેશભાઈ વાળા પણ પોતાના પિતાના જીવન જોઈને એક ઉમદા વ્યકિતત્વ તરીકે જીવન જીવી રહ્યા છે. ભલાઈ જોવા ભોજની કોય ગોપાલગ્રામ જાય. ઈ ગામતરે કાઠી વાળો ગીયો ભલપ મૂકીને ભાયસગા વાલામાં શોભતો ભોજ જેનું મેમાને કાયમ માન, જગતમાં વાળો જીવી ગયો ચતુર કાઠી સુજાન કવિ...રામ ગઢવી દાન મહારાજની જગ્યાના લઘુ મહંત પૂ મહાવીરબાપુ, પૂ ઉદયબાપુ, મુખ્ય નાયબ દંડક કૈશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જયંતીભાઈ પાનસુરીયા, અખિલ ભારત કાઢી ક્ષત્રિય સમાજના પ્રમુખ મુન્નાભાઈ વિંછીયા, અશોકભાઈ ઠવી, જીતુભાઈ જોષી, ડો આનંદભાઈ કામલિયા, મનસુખભાઈ ભુવા, હિરેન હીરપરા, મૃગેશભાઈ કોટડીયા, ચલાલા પાલિકા પ્રમુખ ભઈલુભાઈ વાળા, ઘનશ્યામભાઈ હીરપરા, દિલુભાઈ વાળા સરખા, જગુભાઈ વરૂ, દિલાભાઈ વાળા અમરેલી, ઉપેન્દ્રભાઈ વાળા, દલસુખભાઈ દુધાત, લખુભાઈ કોરાટ, સહિતના વિવિધ સમાજના અને રાજકીય, સમાજિક અને ધાર્મિક, સંસ્થા સાથે જોડાયેલા આગેવાનોએ રૂબરૂ જઈને સાંત્વના પાઠવી.

### રાજકોટ જિલ્લાના જેપુર ગામની દશામાની ભૂઈનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા


# ભભુતી પિવડાવી રોગ મટાડતી ભુઈનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા

## ૨૦ વર્ષથી ઘરમાં માતાજીનો મઢ રાખી છેતરપિંડી આચરતી ભૂઈનો ભાંડાફોડ

અમરેલી, તા. ૧૬

અમદાવાદ : રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના વિરપુર પાસેના જેપુર ગામમાં છેલ્લા પંદર વર્ષથી ઘરમાં માતાજીનો મઢ રાખી ભભુતી, માનતા, રોગ મટાડવાનો દાવો કરતી ભુઈ ભાવના ધીરૂભાઈ મકવાણાના ધતિંગલીલાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે માલવીયાનગર પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૬૭ મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુઈ ભાવના પતિ ધીરૂ કાળાએ કબુલાતનામું આપી કાયમી કપટલીલા બંધની જાહેરાત કરી દીધી હતી. વિજ્ઞાન જાથાએ ૧૨૬૭મો માલવીયાનગર પોલીસ સ્ટેશનની મદદથી સફળ પર્દાફાશ કર્યો હતો.

બનાવની વિગત પ્રમાણે રાજકોટ ગોકુલધામ પાસેના કવાર્ટરમાં સાસુ મંજુલાબેન રામભાઈ લોખિલના ઘરે જેપુરની ભુઈ ભાવના ધીરૂભાઈ મકવાણા આવી સવારથી પીડિતા રાધિકા નિર્મળને નડતર દૂર કરવા વિધિ–વિધાન માટે આવ્યા હતા. બાજોઠમાં સ્થાપન, ધાર્મિક વિધિ રાખવામાં આવી હતી. પતિ નિર્મળે કહ્યું રાધિકાને નડતર કાઢવા માટે ભુઈ દંપતિ બોલાવે છે. વિનાયકનગર રહેતી નણંદ મીરાબેન ખાંભરા આવી ગયેલ છે. ભભુતી પીવા પીડિતાને બોલાવેલ. અગાઉ પાંચ વર્ષમાં પાંચ થી છ ભુવાઓ આવીને ભુવાપણું કર્યું હતું. એક ભુવાએ બાથરૂમમાં પીડિતાને સ્નાન નવડાવાની વિધિ કરી હતી. પીડિતા ના પાડતી છતાં સાસુ–નણંદ મીરા જબરદસ્તી કરતી હતી. થોડા સમયથી સ્વામિનારાયણ ચોકમાં પીડિતા અલગ રહેવા ચાલી ગઈ હતી. ભુઈ દંપતિને રૂપિયા પાંચ હજાર, બે હજારનું વાહન ભાડું નક્કી કરવામાં આવ્યું હતું. પીડિતાને ભુવા દંપતિ પાસે જવું ન હતું તેથી સવારના સાડા દસથી માલવીયાનગર પો. સ્ટેશન, મહિલા પો. સ્ટેશન અને ફેમીલી કોર્ટમાં રૂબરૂ જવા છતાં કયાંય મદદ મળી ન હતી. એક પોલીસકર્મીએ વિજ્ઞાન જાથાની મદદ લેવા સલાહ આપી હતી. સાંજે સાડા ચાર કલાકે જાથાના કાર્યાલયનો સંપર્ક કરી પોતાની આપવિતી જણાવી હતી.

પાંચ વર્ષથી હેરાન–પરેશાન છું. ભુવાઓની વિધિથી થાકી ગઈ છું. મદદની માંગણી કરી અત્યારે ભભુતી પીવડાવવા વારંવાર મોબાઈલ આવે છે. માનસિક થાકી ગઈ છું. પીડિતા દસ હજારની નોકરી કરે છે. ઘરમાં નાનું બાળક છે. પતિ નિર્મળ કમાતો નથી. ઘરનું ગુજરાન ચલાવું છું. સાસુ–નંણદે માર માર્યો છે. પીડિતાએ પ્રેમલગ્ન કર્યા હોય પિયર અપનાવતું નથી. આપઘાત સિવાય રસ્તો નથી. સાસરા પક્ષના અતિ ત્રાસ આપે છે. નિર્દોષ છું કાયમી છુટકારાની વાત કરી હતી. પીડિતાએ તાત્કાલિક મદદ માંગતા જાથાએ જરૂરી આધાર પુરાવા મેળવી લીધા હતા. ગોકુલધામ પાસે બે કાર્યકરોને દોડાવી ત્રણ માળીયા કવાર્ટરમાં રૂબરૂ જોવા મોકલતા ભુઈ ઘરમાં સ્થાપન પાસે બેઠી છે. આસપાસના રહીશોએ મંજુલા સાસુ ઉપર ગંભીર આરોપ મુકી ત્રાસ સંબંધી સાચી હકિકત આપી હતી. સતત ભુવાઓ આવે છે. બધાને ત્રાસ આપે છે. રાધિકાને હેરાન કરે છે. નણંદ મીરાએ એકવાર માર પણ માર્યો છે. જેથી તુરંત રાધિકાને માલવીયાનગર પોલીસ સ્ટેશને પહોંચવાનો સંદેશો મોકલી દીધો.

જાથાના ચેરમેન– એડવોકેટ જયંત પંડયાએ માલવીયાનગર પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. જીગ્નેશ દેસાઈને વાત કરી તેમાં ગુન્હો બનતો અટકાવવો અતિ જરૂરી છે. પીડિતા આપઘાત કરે તે પહેલા જાથાને મદદ કરવા માંગણી કરી હતી. પો.ઈન્સ. દેસાઈએ તુરંત જાથાની મદદે પોલીસ સ્ટાફ ફાળવી દીધો. મહિલા પોલીસ હર્ષાબેન દયાલભાઈ ડાભી અને જગદીશભાઈ પીઠાભાઈ સ્ટાફની ફાળવણી કરી દીધી.

જાથાના જયંત પંડયા સાથે રોમિત રાજદેવ, મિનેષ જીવાણી, અંકલેશ ગોહિલ, પ્રકાશ મનસુખ સ્થાનિક સભ્યો પો. સ્ટેશને પહોંચી ગયા. ત્યાં પિડીતા રાધિકા હાજર હતી. તેમની પાસે રૂબરૂમાં હકિકત જાણી ભુઈ ભાવના પાસે મોકલી દીધી. ત્યાં ભુઈ દંપતિએ વિધિ–વિધાન શરૂ કરી દીધા. સાસુ મંજુલા મોટેમોટેથી અવાજો કરી દબાવતી હતી જાથા મોબાઈલમાં સાંભળતું હતું. ભભુતી પિવડાવવાની વાત કરતાં જાથાની ટીમ અને પોલીસ સ્ટાફ મંજુલાના ઘરે ત્રાટકયો. હાજર સૌ અવાચક થઈ ગયા. ભુઈ દંપતિ પરિસ્થિતિ પામી ગયા. જાથાએ પરિચય આપી ભભુતી રોગ મટાડવા, ભ્રમમાં નાખવું કાયદામાં ગુન્હો બને છે. વાત કરી ત્યાં પીડિતા બેભાન થઈ ગઈ. મહિલા પોલીસે સારવાર કરી, પતિ નિર્મળે ૧૦૮ ગાડી બોલાવવા માટે મોબાઈલ કરી દીધો. હર્ષાબેનની સારવાર કારગત નીવડતા પીડિતાને સારુ થઈ ગયું. બધાને પોલીસ સ્ટેશને બોલાવવા સાથે ભુઈને ગાડીમાં બેસાડી દીધા. વારંવાર માફી માંગી દશામાની ભુઈ છું. ભભુતીથી રોગ મટે છે. મારા ઘરે મહિનામાં હજારો માણસો આવે છે તેવી વાત કરી, પોલીસ સ્ટેશને પહોંચી ગયા.

જાથાના ચેરમેન જયંત પંડયાએ ભુઈ દંપતિ–પિડીતાને પો.ઈન્સ. દેસાઈ પાસે લઈ જવામાં આવ્યા. તેમણે કાયદાની વાત કરી. ગુન્હાની વાત કરતાં ભુઈ દંપતિ ભાંગી પડયું. કાયમી ભભુતી, માનતા, રોગ મટાડવાનું બંધ કરી દેવાની ખાત્રી આપી દીધી. દશામાની ભુઈનો સ્વાગ લોકોને આર્થિક ખાડામાં નાખવાનો હતો.જાથાની પુછપરછ ચાલતી હતી તેવામાં ભુઈ પાંચ હજાર થી વીસ હજાર માનતા ઉતારવાના નામે વસુલતી હતી. ભુઈનો પતિ બોલ્યો મને પણ પગે લગાડે છે. ખેતી મજુરી કરવી ન પડે તેથી સાથે જાવ છું. તેની પાસેથી ભભુતી, અબીલ ગુલાલ કંકુની વજનદાર થેલી જપ્ત કરવામાં આવી હતી. ભુઈ દંપતિને પોલીસ સ્ટેશનમાં માતાજી મદદે આવ્યા ન હતા. લાચાર–નિઃસહાય અવસ્થામાં હતા. પરિવાર પગે લાગી બંધની જાહેરાત કરતા હતા. ભુઈ માથાભારે હોય તેવી રીતે પોલીસ સ્ટેશનમાં પીડિતાને ધમકી આપી દીધી હતી. તુરંત હાજર પોલીસ કર્મીએ કાયદાની વાત કરતાં બંને પગે પડી ગયા હતા. માફી માંગતા અરજી કરી ન હતી. કબુલાતનામું આપવા તૈયાર થઈ ગયા હતા.કબુલાતનામામાં હું ભુઈ ભાવનાબેન ધીરૂભાઈ મકવાણા તથા ધીરૂભાઈ કાળાભાઈ મકવાણા, ધંધો ભુઈનું કામ, ભભુતી આપી રોગ મટાડવાનું, પતિ ધીરૂભાઈ ખેતી મજુરી, રહે. જેપુર વિરપુર, તા. જેતપુર છેલ્લા ૧૫ વર્ષથી ઘરમાં દશામાનો મઢ રાખી ભભુતી, માનતા ઉતારવા, રોગ મટે તે માટેનું કામ કરું છું. લોકોના દુઃખ–દર્દ મટે તેવા કામ કરૂ છું. ૨૦ વર્ષથી માતાજીનો મઢ ઘરમાં છે. આજથી ભભુતી આપવાનું, રોગ મટાડવાનું કે માનતા ઉતારવાની પ્રવૃત્તિની ધતિંગલીલા કાયમી બંધ કરું છું. લોકોની માફી માંગી કાયમી ભભુતી આપવાનું બંધની જાહેરાત કરૂ છું. બંને સહમતિથી જાહેર કરીએ છીએ.વિજ્ઞાન જાથાની કાર્યવાહીની ગોકુલધામમાં ખબર પડતા બધા રહીશોએ ખુશી વ્યકત કરી મોબાઈલ ઉપર વિશેષ જાણકારી આપી હતી. સાસુ–નણંદ મીરાના ત્રાસમાંથી છુટકારાની વાત કરી હતી. પીડિતાની તરફેણમાં બધા આવ્યા હતા. ભુઈ ભાવના અને પતિ ધીરૂ મકવાણાએ પ્રચાર માધ્યમોમાં માફી માંગી બંધની જાહેરાત કરી હતી. ૨૦ વર્ષના ધતિંગ–કપટલીલા કાયમી બંધની જાહેરાત થઈ હતી. જાથાએ પોલીસને આગળની કાર્યવાહી કરવી નથી તેથી મામલો થાળે પડયો હતો.જાથાનો ૧૨૬૭મો સફળ પર્દાફાશમાં જાથાની ટીમના રોમિત રાજદેવ, મિનેશ જીવાણી, પ્રકાશ મનસુખભાઈ અને અંકલેશ ગોહિલ તથા પો.ઈન્સ. જીગ્નેશ દેસાઈ, મહિલા પો.કર્મી હર્ષાબેન ડાભી, જગદીશભાઈ પીઠાભાઈ, પોલીસ સ્ટાફે ઉત્તમ કામગીરી બજાવી હતી.

રાજયમાં ધર્મ, આસ્થા અને દોરા–ધાગાની છેતરપિંડીની માહિતી આધાર–પુરાવા સાથે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર આપવી.

# અમરેલી જિલ્લામાં લુ લાગવાથી બચવા આપત્તિ વ્યવસ્થાપન તંત્રએ માર્ગદર્શિતા જાહેર કરી

અમરેલી, તા. ૧૬

ઉનાળાની ઋતુ દરમિયાન હિટ વેવની સંભાવનાઓને જોતાં હિટ વેવ દરમિયાન શું કરવું અને શું ન કરવું તે અંગે અમરેલી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા માર્ગદર્શિકા આપવામાં આવી છે. હિટ વેવથી માનસિક તાણ થાય છે અને મૃત્યુની સંભાવના પણ રહે છે, તેની અસરને ઓછી કરવા માટે તકેદારીની પગલા અનુસરી શકીએ.

શું કરવું : રેડિયો સાંભળો, ટી.વી. જુઓ, હવામાન અંગેના સ્થાનિક સમાચાર માટે વર્તમાન પત્ર વાંચો, તરસના લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીતા રહેવું. શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ. દ્રાવણ અથવા ઘરે બનાવેલા છાશ, લસ્સી, લીંબુ પાણી સહિતના પીણાનો ઉપયોગ કરવો. સૂર્યના સીધા પ્રકાશમાં કામ કરવાનું થાય ત્યારે છત્રી ટોપી, બુટ–ચપ્પલ, ચશ્માનો ઉપયોગ કરવો. માથા, ગળા અને ચહેરા પર ભીનું કપડું રાખવું.હિટ વેવની અસર દરમિયાન સ્નાયુ ખેંચાવા, શરીર પર ફોલ્લી થવી, કમજોરી આવવી, ચક્કર આવવા, માથું દુઃખવું, ઉબકા આવવા, વધારે પરસેવો થવો, શરીર જકડાઈ જવું વગેરે જેવા રોગના લક્ષણો જોવા મળે છે. જો નબળાઈ અથવા બિમારી જેવું લાગે તો તરત જ ડોક્ટરનો સંપર્ક કરવો.પશુ–પંખીઓને શેડ સહિત છાંયડો હોય તેવા સ્થળોએ રાખવા અને પશુ–પંખીઓને પીવા માટે પૂરતા પ્રમાણમાં પાણી આપતા રહેવું. ઘરને ઠંડુ રાખવા માટે પડદા અને શટરનો ઉપયોગ કરવો, રાત્રિના સમયે બારીઓ ખોલી નાખવી, ઘરમાં પંખા તથા ભીના કપડાનો ઉપયોગ કરવો અને વારંવાર ઠંડા પાણીથી નાહવું. કામના સ્થળ પાસે ઠંડા પાણીની વ્યવસ્થા રાખવી. કામદારો સૂર્યના સીધા તાપમાં કામ ન કરે તેની સાવધાની રાખવી. વધારે શ્રમવાળું કામ કરનારે ઠંડા પહોરમાં કામ કરવાનું ટાઈમ ટેબલ બનાવવું. બહાર કામ કરવાવાળાએ વારેવારે લાંબો આરામ લેવો. સગર્ભા કામદારો પર વધારે ધ્યાન આપવું.

શું ન કરવું : બાળકો અને પાળેલા પ્રાણીઓને ઉભા રાખેલા વાહનોમાં એકલા છોડવા નહિ. સૂર્યના તાપમાં જવાનું ટાળો ખાસ કરીને બપોરે ૧૨:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક દરમિયાન કામ કરવાનું ટાળો. ભડકાઉ કલરના, ટાઈ, રેશમી તથા ભારે કપડા પહેરવાનું ટાળો. તાપમાન વધારે હોય ત્યારે રસોઈ ઘરમાં ઓછા સમય રહો. ચા–કોફી, આલ્કોહોલ અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રીંક લેવાનું ટાળો, વધારે પ્રોટીનયુકત હોય તેવા ખોરાક તથા ઉતરી ગયેલા વાસી ખાદ્ય પદાર્થ લેવાનું ટાળો.હિટ વેવ સંબંધિત સલામતીના પગલાં : સખત પરિશ્રમવાનું કામ કરવાનું ટાળો અથવા બંધ રાખો અને ઠંડા પહોરમાં કામ કરવાનું આયોજન બનાવો. ઘરમાં જે શકય ન હોય એવું કામ ઠંડા સ્થળે અથવા છાંયડામાં રહીને કરી શકાય. વજનમાં હલકા અને હળવા કલરના કપડાં ગરમી અને સૂર્યપ્રકાશને પરાવર્તિત કરે છે જેથી શરીર સામાન્ય તાપમાન જાળવી શકે આ પ્રકારના કપડાં પહેરવાનો આગ્રહ રાખવો.ખાદ્ય પદાર્થોમાં પ્રવાહી પ્રકારનું લેવાનું પસંદ કરો જેથી વધુ પડતી તરસ લાગ્યાનો અહેસાસ નહિ થાય. શરીરની અંદરનું પાણી, પેશાબ દ્વારા ઓછું થાય છે જે ચા તથા કોફી જેવા પદાર્થોના અંદરના તત્વોને લીધે બનતું હોય ચા તથા કોફી લેવાનું ટાળો. આલ્કોહોલ યુકત પીણા પણ વધુ પેશાબ દ્વારા શરીરનું પાણી ઓછું (ડિહાઈડ્રેટ) કરે છે. વારંવાર થોડી–થોડી માત્રામાં ઓછાં પ્રોટીનવાળો ખોરાક લેવાનું રાખો. ખોરાકમાં ફળ, શાકભાજી અને સલાડ વગેરેનો ઉપયોગ કરો.સામાન્ય ઘર કરતાં એરકન્ડિશન (વાતાનુકુલિત) ઘરમાં હિટ વેવનું જોખમ સંપૂર્ણ ઘટી જાય છે. એર કન્ડિશન અનુકૂળ ન થાય તેમ હોય તો પંખાનો ઉપયોગ કરીએ. વધારે તાપમાં ગરમીને દૂર કરવી મુશ્કેલ બની જાય છે જેથી તાપમાં જવાનું ટાળો. લાંબા સમયથી કોઈ બિમારીથી પીડાતા હોય એવા લોકો હિટ વેવ સમયે વધુ અસુરક્ષિત હોય છે. બાળકો, વૃધ્ધો, નાના બાળકો, શિશુઓની ખાસ સંભાળ રાખવી. પાળેલા જાનવરોને ઘરમાં રાખવા અથવા તેમને છાંયડામાં રાખો અને ઠંડું પાણી પૂરતા પ્રમાણમાં આપવું. પાણીનું પાત્ર વારંવાર ભરવું. પાળેલા પ્રાણીઓને પાર્કિંગ કરેલા વાહનોમાં અથવા પાર્કિંગ કરેલા વાહનોની પાસે રાખવા નહિ.ગરમી સામે રક્ષણ મેળવવા કેટલીક તકેદારી અને કાળજી રાખવા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# અરે વાહ : અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૨૬૦ મોડલ ફાર્મ બન્યા



અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રાકૃતિક કૃષિના ૨૬૦ મોડલ ફાર્મ બની ચૂકયા છે, પ્રાકૃતિક ખેતીના આધાર સ્તંભોને અનુસરીને બનેલા આ મોડલ ફાર્મ એક રીતે પ્રાકૃતિક કૃષિના પ્રેરણાધામ પણ બન્યા છે. પ્રાકૃતિક ખેતીના આદર્શોને કેન્દ્રમાં રાખી પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. અમરેલી આત્મા પ્રોજેકટ દ્વારા વિવિધ ખેડૂતોને આ મોડલ ફાર્મની વખતોવખત વિઝીટ કરાવવામાં આવે છે. પ્રાકૃતિક ખેતી ન કરતા હોય તેવા ખેડૂતોને પણ આ રીતે પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે આત્મા પ્રોજેકટ અમરેલી જિલ્લા નાયબ નિયામક મહેશ ઝીડે કહે છે કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે સતત વિવિધ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પ્રત્યક્ષ લાભોની જાણકારી મળી રહે અને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરણા મળે તે માટે જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના આ મોડલ ફાર્મની વિઝીટ કરાવવામાં આવે છે. આ દરમિયાન પ્રાકૃતિક કૃષિ વિશેના ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનું પણ સમાધાન મળે છે. અમરેલી જિલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિ અભિયાન તેજીથી આગળ વધી રહ્યું છે અને હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પેદાશો થકી ઘણી સારી આવક પણ મેળવી રહ્યાં છે. મોડલ ફાર્મનો દરજજો પ્રાકૃતિક કૃષિના આધાર સ્તંભ છે તેવા જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, બીજામૃત, મિશ્ર પાક પદ્ધતિ સહિત પ્રાકૃતિક કૃષિ માપદંડો પર ખરાં ઉતરે ઉપરાંત પ્રાકૃતિક કૃષિ ગાય આધારિત ખેતી હોવાથી ખેડૂતો ગાયોનું પાલન પોષણ કરતા હોય એટલે કે જે ખેડૂતો ગાય રાખતા હોય તેમના તેમના ફાર્મને મોડેલ ફાર્મ જાહેર કરવામાં આવે છે. અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે ફિલ્ડ વિઝીટ પણ કરવામાં આવે છે. આમ, જિલ્લા પ્રાકૃતિક ખેતી માટે સાનુકૂળ પરિબળો સર્જાયા છે, તેમ આત્મા પ્રોજેકટ અમરેલી જિલ્લા નાયબ નિયામક મહેશ ઝીડે જણાવ્યુ હતુ. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને આગળ વધારવા માટે આત્મા પ્રોજેકટના દિલીપ ચાવડા અને આત્મા ટીમ દ્વારા ખેડૂતોની મુલાકાત લેવામાં આવી રહી છે, ખેડૂતોની વચ્ચે જઈ તેમને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે અનુરોધ કરવામાં આવે છે. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ બનાવવા રૂા. ૩૫.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી. ગુજરાત સરકાર પ્રાકૃતિક ખેતીના મોડલ ફાર્મ વિકસાવવા માટે ખેડૂતોને રૂા. ૧૩,૫૦૦ની સહાય પણ આપવામાં આવી રહી છે, આ સહાય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ઘન જીવામૃત બનાવવા માટે પાકુ સ્ટ્રકચર, બેરલ, ડોલ વગેરે ખરીદવા માટે આપવામાં આવે છે. અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૨૬૦ મોડલ ફાર્મ તૈયાર થઈ ચૂકયા છે એટલે ૨૬૦ ખેડૂતોને રૂા. ૩૫.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને આત્મા પ્રોજેકટની ટીમ દ્વારા જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન સતત આપવામાં આવી રહ્યું છે.

## આરટીઓ અને પોલીસનો ટ્રાફિક વિભાગ શું કરે છે તે સમજાતું નથી

# અમરેલી જિલ્લામાં ટ્રાફિક સમસ્યા દૂર કરવાને લઈને ઉદાસીનતા

**મોબાઈલમાં વાત કરતાં બાઈકથી લઈને બસ ચલાવો કોઈ પુછવાવાળુ જ નથી**

**ઈકો જેવા વાહનમાં બાળકોને ઘેટા-બકરાની જેમ શાળાએ હેરફેર કરો નો પ્રોબ્લેમ**

**નાગનાથ બસ સ્ટેન્ડમાંથી ખાનગી ઈકો વાહનમાં વ્યાપક પ્રમાણમાં મુસાફરોની ખુલ્લેઆમ હેરફેર**

**નંબર પ્લેટ વગરનાં વાહનો, પુરપાટ ઝડપે વાહન ચલાવો, મનફાવે ત્યાં પાર્ક કરો કોઈને કાંઈ કરવું નથી**







અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં ઘણા વર્ષોથી ટ્રાફિક સમસ્યા દિનપ્રતિદિન વધી રહી છે. ટ્રાફિક વિભાગની હપ્તાબાજી અને નિષ્ક્રીયતા તેમજ આરટીઓ વિભાગમાં પણ મહત્વનાં અધિકારીની ખાલીજગ્યા અને ત્યાં પણ હપ્તાબાજીનાં કારણે કોઈ અધિકારીને ટ્રાફિક સમસ્યા કયાંય નજરે ચડતી નથી અને નિર્દોષ નાગરિકો અવારનવાર વાહન અકસ્માતમાં ઈજાગ્રસ્ત બને તો અમુક કિસ્સામાં મોતને ભેટી રહ્યા છે અને ટ્રાફિક, આરટીઓ ઉપરાંત માર્ગ-મકાન વિભાગનાં માર્ગો પણ અકસ્માત નોતરી રહ્યા છે છતાં એકપણ જનપ્રતિનિધિ ટ્રાફિક સમસ્યા નિવારવા માટે ગંભીર નથી.

અમરેલી જિલ્લામાં બાઈકથી લઈને બસ સુધીનાં વાહનો મોબાઈલમાં વાત કરતાં ચલાવો કોઈ પુછવાવાળુ નથી, નંબર પ્લેટ વગરનાં બાઈકથી લઈને ટ્રેકટર પણ જાહેર માર્ગ પર જોવા મળી રહ્યા છે, ઘેટા-બકરાની જેમ બાળકોને શાળાએ હેરફેર કરતાં સ્કૂલ વાન, ઈકો જેવા વાહનમાં નાના-મોટા મુસાફરોને ખીચોખીચ ભરીને એક શહેરથી અન્ય શહેર સુધી લઈ જાઓનો પ્રોબ્લેમ.

અનુસંધાન પાના ૬ ઉપર

### મોટી સંખ્યામાં શહેરીજનોની અવરજવર હોવા છતાં

## જાફરાબાદનાં સુપરમાર્કેટની દુકાનો ઉપરનો રવેશ અત્યંત જોખમી હાલતમાં

**કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ તે પહેલા યોગ્ય કરો**

તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ



જાફરાબાદ, તા. ૧૬

જાફરાબાદ સુપરમાર્કેટમાં જર્જરિત હાલતમાં દુકાનના રવેશ ઝળુંબતુ મોત સમાન હોય છતાં પણ દુકાન માલિકના ધ્યાન ઉપર ક્યારે આ સુપરમાર્કેટ ભીડભાડ વાળો વિસ્તાર હોય અહીંથી રાહદારીઓ મોટી સંખ્યામાં અવરજવર રહેતી હોય અને આ જૂની અને જર્જરિત દુકાનનો રવેશ કોઈ મોટી આફત નોતરે તે પહેલાં આ દુકાનના માલિક દ્વારા જર્જરિત દુકાનનો ભાગ દૂર કરવામાં આવશે.?? કે પછી કોઈ અનમોલ માનવ જીંદગી જોખમાઈ તેની રાહ જોઈ રહ્યા છે. ? અહીંથી સ્કુલના નાના ભૂલકાઓ વિદ્યાર્થીઓ સિનિયર સિટીઝન તથા દરરોજ મહિલાઓ અહીંથી બજારમાં આ સુપરમાર્કેટમાંથી પસાર થતી હોય તેમજ અહીં સાવ નજીક એસબીઆઈ બેંક તથા સ્કુલઓ પણ આવેલ હોય અહીં નજીક મચ્છીમાર્કેટ પર આવેલ હોવાથી મોટી સંખ્યામાં નાગરિકોનો અવરજવર વાળો વિસ્તાર હોય અને આ સુપર માર્કેટ સાવ સાંકડી શેરીમાંથી પસાર થતા ભીડભાડ વચ્ચે ઉભેલું જર્જરિત દુકાનના રવેશ કોઈ દિવસ અચાનક કોઈ મોટી આફત નોતરે અને ન કરે નારાયણ અને ગંભીર ઘટના સર્જાઈ તે પહેલાં આ દુકાનના માલિક કુંભકર્ણ નિંદ્રામાંથી જાગે અને આ ઝળુંબતુ જોખમ દૂર કરે તેવી અહીંના રહીશો દ્વારા માંગ ઉઠી છે. મળતી માહિતી મુજબ આ બાબતની પાલિકા દ્વારા ગંભીરતા લઈને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ મુજબ આ જર્જરિત દુકાનના માલિકને નોટિસ પણ આપી દેવામાં આવી છે. તેવી ચર્ચાઓ લોકોમાંથી થઈ રહી છે. પરંતુ આ દુકાન માલિક કોની રાહ જોઈ રહ્યા છે. કે પછી કોઈ ઘટના ઘટે તેની

અનુસંધાન પાના ૬ ઉપર

### તાપમાનનો પારો ૪૨ ડીગ્રી કરતા વધારે જ જોવા મળે

## અમરેલીમાં કાળઝાળ ગરમીનાં માહોલમાં બપોરના સમયે રાજમાર્ગો બન્યા સુમસામ

**આગામી દિવસોમાં હજુ પણ તાપમાન વધવાનાં એંધાણ**





અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી તાપમાનનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી વચ્ચે ઝોલા ખાતો હોય વાતાવરણમાં આકરી ગરમીનો અનુભવ સૌ કોઈ કરી રહયા છે. અને બપોરનાં ૧૨ વાગ્યાથી લઈને સાંજનાં ૫ સુધી રાજ માર્ગો પર સુમસામ ભાસી રહયા છે.

અમરેલી શહેરમાં આકરી ગરમીથી પશુ પક્ષીઓ પણ સલામત સ્થળે ખસી જાય છે. અને ટ્રાફિક ધરાવતા વિસ્તારોમાં પણ ચકલુ ફરકતું નથી. શહેરના ચિતલ રોડ, લાઠી રોડ, ટાવર રોડ, લાયબ્રેરી રડ સહિતનાં વિસ્તારોમાં બપોરે પાંચ કલાક સુધી સુમસામ બની જાય છે.

અમરેલીમાં પાલિકા દ્વારા થતાં પાણી વિતરણમાં પણ વિલંબ થઈ રહયો છે. તો પાદરમાં આવેલ ઠેબી જળાશયનું પણ તળિયું દેખાયુ હોય સૌની યોજના અંતર્ગત ઠેબી જળાશયને પાણીથી ભરવાની પણ જરૂરીયાત ઉભી થઈ છે.

અમરેલી શહેરમાં આગામી દોઢ મહિના સુધી તાપમાનનો પારો ૪૦ થી ૪૪ ડીગ્રી વચ્ચે જ રહેવાનો હોય સ્થાનિકથી લઈને નર્મદા અને મટા તળાવોથી લઈને જળાશયો સુધી પાણીની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવે તે જરૂરી છે.















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)